

# ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

**સુવિચાર**
મૂર્ખાઓ પાસેથી વખાણ સાંભળવા કરતા, બુદ્ધિશાળી વ્યક્તિ નો ઠપકો સાંભળવો ફાયદાકારક છે!

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઈ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33 | વર્ષઃ ૦૨ અંક : ૩૮ તા.૨૫.૦૮.૨૦૨૪, રવિવાર પાનાઃ ૪ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 38 Dt. 25-08-2024, Sunday Page : 4 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


# કેન્દ્રનો મોટો નિર્ણય :નવી પેન્શન સ્કીમને કેબિનેટમાં મંજૂરી !

**દેશના સરકારી કર્મચારીઓ દ્વારા જૂની પેન્શન સ્કીમની માંગ સાથે અનેક વાર આંદોલન કરવામાં આવ્યા છે.સાથે રજુઆત પણ કરવામા આવી છે તે વચ્ચે કેન્દ્રીય કેબીનેટે નવી પેન્શન સ્કીમને મંજુરી આપી છે જેનો લાભ દેશના ૨૦ લાખથી વધુ કર્મચારીઓને થશે નવી યોજના પ્રમાણે ૨૫ વર્ષ સુધી કામ કરશે તેને આખી પેન્શનનો લાભ મળશે. કેન્દ્રીય કર્મચારીઓ માટે જનમાષ્ઠમી પર દિવાળી**

કેન્દ્ર સરકારે આજે એક મહત્વનો નિર્ણય કેબીનેટ બેઠક માં કર્યો છે જેનો લાભ દેશના ૨૦ લાખથી વધુ કર્મચારીઓને થશે અગાઉ આમતો જુની પેન્સન યોજના જે સરકાર દ્વારા બંધ કરાઈ હતી તે શરૂ કરવા માટે અનેક વખત કર્મચારીઓએ રજુઆત અને લેખીત માંગણીઓ કરી હતી પરંતુ હવે કેન્દ્રએ નવી પેન્સન યોજનાને આજે મંજુરી આપી છે જે એપ્રિલ ૨૦૨૫થી લાગુ કરવાનો નિર્ણય કરાયો છે. કેન્દ્ર સરકારે નવી પેન્શન સ્કીમ ની જગ્યાએ હવે યુનિફાઈડ



પેન્શન સ્કીમ લોન્ચ કરી છે. શનિવારે કેન્દ્રીય કેબિનેટની બેઠક માં આ નિર્ણયને મંજૂરી આપવા માં આવી હતી. નવી યુનિફાઈડ પેન્શન સ્કીમ હેઠળ સરકારના કુલ ૨૩ લાખ કર્મચારીઓને લાભ મળવાનો અંદાજ છે. યુનિફાઈડ પેન્શન યોજના પ્રમાણે જે કર્મચારી ૨૫ વર્ષ સુધી કામ કરશે તેને આખી પેન્શન મળશે. આ સાથે ચાલુ નોકરીએ કર્મચારીનું મોત થઈ જાય છે તો પત્નીને ૬૦ ટકા પેન્શન આપવામાં આવશે. ૧૦ વર્ષ સર્વિસ આપનાર કર્મચારીને ૧૦ હજાર રૂપિયા પેન્શન મળશે. કેન્દ્ર સરકારની મંજુરી બાદ વિવિધ રાજ્ય સરકારો પણ આ યોજના લાગુ કરી શકે છે.કર્મચારીઓને નવી પેન્સન યોજનામાં સામેલ થવા માટે વિકલ્પ આપવામાં આવશે જે કર્મચારી ૨૦૦૪ પછી રિટાયર થયા છે તેમને પણ વિકલ્પ આપવા માં આવશે.તેવુ કેન્દ્ર સરકાર દ્વારા જણાવાયુ હતુ. યુનિફાઈડ પેન્શન યોજના પ્રમાણે ૨૫ વર્ષ સુધી નોકરી કરનાર કર્મચારી પૂર્ણ પેન્શન મેળવવાનો અધિકાર ગણાશે. જે તે કર્મચારીની નોકરીના છેલ્લા ૧૨ મહિનામાં જે વેતન મળતું હશે તેના ૫૦ ટકા રિટાયરમેન્ટ બાદ પેન્શન રૂપે આપવામાં આવશે. રિટાયરમેન્ટ બાદ પેન્શનભોગીનું નિધન થાય છે તો મૃત્યુ સમયે મળતા પેન્શનનું ૬૦ ટકા તેમના પરિવારને મળશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગે માહિતી આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના નિવાસસ્થાને કેન્દ્રીય કર્મચારીઓના નેતાઓ સાથે બેઠક યોજી હતી. નાણામંત્રી નિર્મલા સીતારમણે પણ બજેટ રજૂ કરતી વખતે એનપીએસ સુધારવાની વાત કરી હતી.હવે જો કેન્દ્ર બાદ રાજ્ય સરકારોને પણ યુનિફાઈડ પેન્શન સ્કીમ પસંદ કરવાનો વિકલ્પ આપવામાં આવશે. જો રાજ્ય સરકારો આ યોજનાને અમલી બનાવે છે. તો પેન્શન ધારકો ની સંખ્યા લગભગ એક કરોડ આસપાસ થશે તેવુ અનુમાન છે.

## અમેરિકા સૌથી મોટું વેપારી ભાગીદાર

વર્તમાન કેલેન્ડર વર્ષ ૨૦૨૪ના પ્રથમ અર્ધવાર્ષિક (જાન્યુઆરી-જૂન)માં અમેરિકા ભારતના સૌથી મોટા વેપાર ભાગીદાર તરીકે ઉભરી આવ્યું છે. આ સમયગાળા દરમિયાન ચીન સાથેની વેપાર ખાધ વધીને રેકોર્ડ ૪૧.૬ બિલિયન થઈ ગઈ છે. ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવના રિપોર્ટ અનુસાર, ભારત અને અમેરિકા વચ્ચેનો વેપાર જાન્યુઆરી-જૂનમાં વાર્ષિક ધોરણે ૫.૩ ટકા વધીને $ ૬૨.૫ બિલિયન થયો છે. ભારતે અમેરિકામાં સૌથી વધુ ૪૧.૬ બિલિયન ડોલરની નિકાસ કરી છે. જે જાન્યુઆરી-જૂન, ૨૦૨૩માં ઈ૩૭.૭ બિલિયન કરતાં ૧૦.૫ ટકા વધુ છે. આ સમયગાળા દરમિયાન, ભારતે સૌથી વધુ ૫૦.૧ અબજ ડોલરની આયાત કરી અને ચીનમાંથી ૮.૫ અબજ ડોલરની નિકાસ કરી.દેશનો વિદેશી વેપાર (નિકાસ-આયાત) જાન્યુઆરી-જૂનમાં ૫.૮ ટકા વધીને ૮૪૯ બિલિયન ડૉલરની વિક્રમી ટોચે પહોંચ્યો છે. ઔદ્યોગિક ઉત્પાદનોની નિકાસ ૬૧.૧ ટકા વધીને ઈ૧૪૦.૭૯ અબજ સુધી પહોંચી છે. બાસમતી ચોખાની નિકાસ ૨૪.૩ ટકા વધીને ૩.૪૨ અબજ ડોલર થઈ છે. જીટીઆરઆઈના સ્થાપક અજય શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, જાન્યુઆરી-જૂનમાં દેશની મર્ચેન્ડાઈઝ નિકાસ ૫.૪ ટકા વધીને $૨૩૦.૫ અબજ થઈ છે. ભારત ૨૩૯ દેશોમાં નિકાસ કરે છે, જેમાંથી ૧૨૬ દેશોમાં નિકાસ વધી છે અને ૯૮ દેશોમાં ઘટી છે.વૈશ્વિક પડકારો છતાં, જુલાઈમાં ભારતની એન્જિનિયરિંગ પ્રોડક્ટ્સની નિકાસ ૩.૬ ટકા વધીને ૯.૦૪ બિલિયન થઈ છે ઈઈપીસી અનુસાર, જુલાઈ ૨૦૨૩માં તે ૮.૭૨ બિલિયન હતું.

## એર ઈન્ડિયાને ૯૦ લાખનો દંડ

ડીજીસીએના જણાવ્યા મુજબ, એર ઈન્ડિયા લિમિટેડે બિન-પ્રશિક્ષિત લાઇન કેપ્ટન અને નોન-લાઇન-રિલીઝ્ડ ફર્સ્ટ ઓફિસર સાથે ફ્લાઇટનું સંચાલન કર્યુ હતું, જેને જીજીસીએએ ગંભીર બેદરકારી ગણાવી હતી. આના પર કાર્યવાહી કરતા DGCAએ ટાટાની માલિકીની એર ઈન્ડિયા પર ૯૦ લાખ રૂપિયાનો દંડ લગાવ્યો છે. દેશની એવિએશન રેગ્યુલેટરી બોડી ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન એ ટાટાની માલિકીની એર ઈન્ડિયા પર રૂ. ૯૦ લાખનો દંડ ફટકાર્યો છે. નોન-ક્વોલિફાઈડ પાઈલટો સાથે વિમાન ઉડાડવા બદલ એર ઈન્ડિયા સામે આ કાર્યવાહી કરવામાં આવી છે. DGCAએ આ બેદરકારી બદલ એર ઈન્ડિયાના ડાયરેક્ટર (ઓપરેશન્સ) પંકુલ માથુર અને ટ્રેનિંગ ડિરેક્ટર મનીષ વસાવડા પર ૬ લાખ રૂપિયા અને ૩ લાખ રૂપિયાનો દંડ પણ લગાવ્યો છે.ઢય્ઝછએ એક પ્રેસનોટ જારી કરીને કહ્યું છે કે સંબંધિત પાયલટને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે સાવચેતી રાખવાની ચેતવણી આપવામાં આવી છે. રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે એર ઈન્ડિયા લિમિટેડે બિન-પ્રશિક્ષિત લાઇન કેપ્ટન અને નોન-લાઇન-રિલીઝ્ડ ફર્સ્ટ ઓફિસર સાથે ફ્લાઇટનું સંચાલન કર્યુ હતું, જેને GGCA એ ગંભીર બેદરકારી ગણાવી હતી. જેના કારણે મુસાફરોની સુરક્ષા પર અસર પડી શકે છે. DGCA એ બેદરકારી બદલ એર ઈન્ડિયા પર ૯૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. તમને જણાવી દઈએ કે આ ઘટના એરલાઈન્સ દ્વારા ૧૦ જુલાઈના રોજ સબમિટ કરવામાં આવેલા સ્વૈચ્છિક રિપોર્ટ દ્વારા સામે આવી હતી. આ પછી રેગ્યુલેટરે એરલાઈનના ઓપરેશનની તપાસ કરી હતી. આમાં દસ્તાવેજોની ચકાસણી અને સુનિશ્ચિત સુવિધાની તપાસનો સમાવેશ થાય છે.


## ૨૦૦ યુનિટ ફ્રી વીજળી અને ગરીબોને વર્ષમાં ૧૨ સિલિન્ડર

જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી લઈને રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. આ દરમિયાન પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP) વડાં મહેબૂબા મુફ્તીએ શ્રીનગરમાં ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. તેમણે કહ્યું કે, 'અમે સમાધાન અને વાતચીત ઈચ્છીએ છીએ. અમે ઈચ્છીએ છીએ કે PoJKમાં શારદા પીઠ તીર્થસ્થળનો રસ્તો ખુલ્લો કરવામાં આવે જેથી કાશ્મીરી પંડિતો ત્યાં જઈ શકે.' આ ઉપરાંત તેમણે જમ્મુ-કાશ્મીરમાં મંદિરો, મસ્જિદો અને દરગાહને ફ્રી વીજળી આપવાની પણ જાહેરાત કરી હતી. પીડીપીના વડાં મહેબૂબા મુફ્તીએ કહ્યું કે, 'અમે ૨૦૦ યુનિટ સુધી ફ્રી વીજળી આપીશું, અમે પાણી પરનો ટેક્સ નાબૂદ કરવા માંગીએ છીએ, પાણી માટે મીટર ન હોવા જોઈએ. ગરીબો માટે કે જેમના ઘરમાં ૧થી ૬ લોકો છે, અમે મુફ્તી મોહમ્મદ સઈદ યોજના ફરીથી લાગુ કરવા માંગીએ છીએ. અમે એક વર્ષમાં ગરીબોને ૧૨ સિલિન્ડર આપીશું અને વૃદ્ધાવસ્થા પેન્શન અને વિધવા પેન્શનને પણ બમણું કરીશું.'મહેબૂબા મુફ્તીએ કહ્યું કે, 'અનુચ્છેદ ૩૭૦ એ જમ્મુ-કાશ્મીર અને બાકીના દેશ વચ્ચેનો સેતુ હતો, પરંતુ તે પુલ હવે જતો રહ્યો છે. ભાજપ સરકારે અલગતાવાદીઓને જેલમાં ધકેલી દીધા છે. તેઓએ યાદ રાખવું જોઈએ કે તેમના જ નેતાઓ અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણી યાસીન મલિક, શબ્બીર શાહ અને મીરવાઈઝ ફારૂકને મળ્યા હતા. તેને જેલમાં નાખવો એ કોઈ ઉકેલ નથી, કાશ્મીરનો મુદ્દો હજુ જીવીત છે, નહીંતર એન્જિનિયર રાશિદ જીત્યા ન હોત.' ઉલ્લેખનીય છે કે, આ વખતે પીડીપી વડાં મહેબૂબા મુફ્તીના સ્થાને તેમની પુત્રી ઈલ્તિજા મુફ્તી ચૂંટણી લડી છે. ઈલ્તિજા મુફ્તી બિજબિહારા વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. મહેબૂબા મુફ્તીએ આ સીટ પરથી ૧૯૯૬માં પહેલીવાર વિધાનસભા ચૂંટણી લડી હતી.

# પાંચ દિવસ ગુજરાતમાં ભારે : રાજસ્થાનમાં પાંચ તણાયા !

**ત્રિપુરા બાદ રાજ્યના અન્ય ભાગોમાં પણ હવે વરસાદ કહેર બની વરસી રહ્યો છે ત્યારે દિલ્હી,મધ્યપ્રદેશ સહિત અનેક રાજ્યોમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરાઇ છે. ખાસ કરીને રાજસ્થાનમા ભારે વરસાદ બાદ ગુજરાતમાં પાંચ દિવસ વરસાદની ચેતવણી અપાઇ છે. જેને કારણે ગુજરાતમાં તહેવારો પાણીમાં જાય તેવી શક્યતા નકારી શકાય નહી. ગુજરાતમાં ૧૫૩ તાલુકાઓમાં સવારથી વરસાદ બાદ અનેક જીલ્લામા વરસાદનુ એલર્ટ**

ત્રિપુરામાં ૧૯૦૦થી વધુ ભૂસ્ખલન થયા બાદ જે સ્થિતી નિર્માણ પામી છે. તેમાં. ત્રિપુરામાં છેલ્લા ૬ દિવસથી વરસાદ, પૂર અને ભૂસ્ખલનને કારણે ૧૭ લાખ લોકો પ્રભાવી થયા છે. અત્યાર સુધી ૨૪ લોકોનાં મોત થયાં છે.જો કે વરસાદથી મુશ્કેલી હજુ વધી શકે છે રાજધાની દિલ્હીમાં મુશળધાર વરસાદ પડ્યો હતો. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં અને વરસાદ સંબંધિત ઘટનાઓને કારણે ૨૪ કલાકમાં ત્રણ લોકોનાં મોત થયાં હતા આ તરફ મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશા અનેક વિસ્તારોમા અવિરત વરસાદથી સ્થિતી ખરાબ બની હતી આ તરફ ગુજરાત અને રાજસ્થાનમાં પણ ધોધમાર વરસાદ પડી રહ્યો છે. ગુજરાતના અનેક જિલ્લાઓમાં મેઘમહેર થઈ હતી. રાજસ્થાનના પર્વતીય વિસ્તારો માં આવેલા પ્રસિદ્ધ સુંધા માતાના મંદિરે આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ હતી. પર્વત પરથી વહેતા ધોધમાં ૫ પ્રવાસી વહી જતાં તંત્રની રાહત-બચાવ માટે કાર્ય કર્યુ હતુ. માતાનાં દર્શને આવેલી ડુંગર પુરની એક મહિલાનું મોત નીપજ્યું હતું, જ્યારે ત્રણ પર્યટકને પોલીસે આજુબાજુના લોકોની મદદથી બહાર કાઢી લેવાયા હતા. જ્યારે અન્ય એક વ્યક્તિની હજુ પણ શોધખોળ ચાલુ છે. શનિવારે મોટી સંખ્યામાં અહીં શ્રદ્ધાળુઓ ઊમટ્યા હતા. આ સાથે હવામાન વિભાગે ૧૪ રાજ્યમાં ભારે વરસાદ અને ૧૧ રાજ્યમાં અતિભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. જેમા ગુજરાત નો પણ સમાવેશ થાય છે. તો રાજસ્થાનમાં પડેલા ભારે વરસાદની અસર બનાસકાંઠામા વર્તાઇ હતી અને રાજસ્થાનને અડીને આવેલા કેટલાક ગામોમા ભારે પાણી આવી પહોચ્યા હતા. આ તરફ ગુજરાતમા શનિવાર સવારથી અનેક જીલ્લામાં ભારે વરસાદ પડ્યો હતો. ભાવનગર, સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં રેડ એલર્ટ સાથે અતિભારે વરસાદની શક્યતાં વ્યક્ત કરાઇ છે.હાલમાં ગુજરાત ઉપર ત્રણ સિસ્ટમ એક સાથે સક્રિય




છે જેમાં ગઈકાલ સુધી જે ઓફ શોર ટ્રફ મહારાષ્ટ્રથી ઉત્તર કેરળ સુધી હતું તે આજે આગળ વધીને દક્ષિણ ગુજરાત તરફ સક્રિય થયું છે. જેને કારણે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારમાં ભારે છે અતિ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરાઈ છે. આ સીસ્ટમ આગળ વધતા આગામી ૨૬ અને ૨૭ તારીખ દરમિયાન તે ગુજરાત સુધી પહોંચી જશે અને આ દિવસોમાં અત્યંત ભારે વરસાદ પણ વરસી શકે છે.હવામાન વિભાગ દ્વારા આજે રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદને લઈને એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.સાથે માછીમારોને દરિયો ન ખેડવા પણ સૂચના આપવામાં આવી છે.અમદાવાદમાં ગઈકાલથી જ વરસાદી માહોલ જામ્યો છે ત્યારે મોડી રાત્રે અમદાવાદ શહેરમાં વિવિધ વિસ્તારોમાં ક્યાંક ઝરમર તો ક્યાંક મધ્યમ વરસાદ વરસ્યો હતો. તદુપરાંત આજે વહેલી સવારથી જ અમદાવાદના આકાશમાં વરસાદી વાદળો સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો.રાજકોટમાં પણ હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. આ સાથે જ ભારેથી અતિ ભારે વરસાદની પણ શક્યતાઓ દર્શાવાઈ છે.

## વિજાપુરમાં આભ ફાટ્યું,આઠ ઈંચ

ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. સુરત અને અમરેલીમાં હવામાન વિભાગે રેલ એલર્ટ જાહેર કર્યુ છે. ત્યારે આજે વહેલી સવારથી અમદાવાદમાં વરસાદે તોફાની બેટિંગ શરૂ કરી છે. અમદાવાદમાં બે ઈંચ વરસાદ ખાબકતાં રસ્તાઓ પર પાણી ભરાઇ ગયાં છે. મહેસાણાના વિજાપુર શહેરમાં ચાર કલાકમાં આઠ ઈંચ વરસાદ ખાબકતાં આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ છે. જ્યારે ગાંધીનગરનામાણસામાં બે કલાક માં ત્રણ ઈંચ વરસાદ ખાબકતાં ચારે તરફ પાણી ભરાઇ ગયા છે. હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અન્ય કેટલાક જિલ્લાઓમાં ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સાથે હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. ખેડા જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે. ઠાસરા તાલુકાના પોરડા થી અમૃતપુરાને જોડતો માર્ગ સંપર્ક વિહોણો થયો છે. મહેસાણાના વિસનગરમાં વહેલી સવારે ૬ વાગ્યાથી વરસાદે જોરદાર બેટિંગ શરૂ કરી હતી. જ્યાં સવારે ૬ વાગ્યાથી ૮ વાગ્યા સુધી બે કલાકમાં દોઢ ઈંચ વરસાદ ખાબક્યો હતો. સાબરકાંઠા જીલ્લામાં સાર્વત્રિક વરસાદ થવા પામ્યો હતો. પોશીનાં હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ખેડબ્રહ્મામાં વરસાદી માહોલ જામ્યો હતો. સવારે ૪ થી ૬ વાગ્યા સુધી પાંચ તાલુકા માં વરસાદી માહોલ જામ્યો હતો. પ્રાંતિજમાં એક ઈંચ, તલોદમાં બે ઈંચ, વરસાદ નોંધાયો હતો. ખેડબ્રહ્મા તાલુકામાં અડધા ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. અરવલ્લી જીલ્લાનાં જળાશયોમાં પાણીની આવક થવા પામી હતી. લાંક ડેમમાં ૬૧૧ ક્યુસેક, વાત્રક ડેમમાં ૪૪૦ ક્યુસેક પાણીની આવક થવા પામી હતી. જ્યારે મેશ્વોમાં ૩૪૦ ક્યુસેક અને માઝુમમાં ૨૨૦ ક્યુસેક પાણીની આવક થવા પામી હતી.

## ભારતની સિદ્ધિ: પ્રથમ રિયુઝેબલ હાઈબ્રિડ રોકેટ લોન્ચ કરવામાં આવ્યું

ચેન્નાઈ,તા.૨૪

રિયુઝેબલ હાઈબ્રિડ રોકેટને ચેન્નાઈ ના થિરુવિદાનધઈમાં મોબાઇલ લોન્ચની મદદથી લોન્ચ કરવામાં આવ્યું હતું. રોકેટે ૩ ક્યુબ સેટેલાઈટ્સ અને ૫૦ પીઆઈસીઓ સેટેલાઈટ્સને સફળતાપૂર્વક સબ-ઓર્બિટલ સફળતાપૂર્વક સબ-ઓર્બિટલ ટ્રેજેક્ટરીમાં સ્થાપિત કર્યું હતું. અંતરિક્ષના ક્ષેત્રમાં ફરી એકવાર ભારતે કમાલ કરી દેખાડી છે. ખરેખર તો ભારત પોતાનું પ્રથમ રિયુઝેબલ હાઈબ્રિડ રોકેટને સફળતા પૂર્વક લોન્ચ કર્યું છે. આ રોકેટને આરએચયુએમઆઈ નામ આપવામાં આવ્યું છે અને તેને તમિલનાડુ સ્થિત સ્ટાર્ટ અપ કંપની સ્પેસ ઝોન ઈન્ડિયા અને માર્ટીન ગ્રુપે મળીને વિકસિત કર્યુ છે. આ રિયુઝેબલ હાઈબ્રિડ રોકેડમાં સીઓટુ ટ્રિગર પેરાશૂટ સિસ્ટમ લાગી છે. તેની મદદથી રોકેટના વિભિન્ન કમ્પોનેટ સુરક્ષિત સમુદ્ર પર પરત લેન્ડીંગ કરી શકે છે. આથી અંતરિક્ષ લોન્ચનો ખર્ચ ઘટી જશે. અંતરિક્ષ ક્ષેત્ર ઉપરાંત આ હાઈબ્રિડ રોકેટથી કૃષિ, પર્યાવરણ દેખરેખ અને આપત્તિ વ્યવસ્થાપન જેવા કામોમાં પણ મદદ મળશે. આ રોકેડની અંદર ફ્રેમ કાર્બન ફાઈબર, ગ્લાસ ફાઈબરથી બની છે.

સાથે સાથે તેમાં પાઈરો ટેકનિકથી વિકસિત પેરાશૂટ પણ લાગુલે છે. રોકેટની સાથે અંતરિક્ષમાં મોકલાયેલ ત્રણ ક્યુબ સેટેલાઈટ્સ વાતાવરણીય સ્થિતિઓ જેમણે કોસ્મિક રેડિયેશન, યુવી રેડિયેશન અને વાયુની ગુણવત્તાની સમીક્ષા કરી શકશે. તામિલનાડુના સીએમ સ્ટાલીન અને વડાપ્રધાન મોદીએ સ્પેસ ઝોન કંપનીના સીઈઓ આનંદ મેગાલિંગમને આ પ્રોજકેટમાં મદદ માટે ધન્યવાદ કહ્યું છે.

## જમ્મુ-કાશ્મીરમાં આંતકી ઠાર

જમ્મુ-કાશ્મીરના સોપોરમાં આતંકવાદીઓ સાથેની અથડા મણમાં સુરક્ષા દળોએ એક આતંકી ને ઠાર કર્યો છે. મળતી માહિતી મુજબ, સોપોર પોલીસ અને ૩૨ રાષ્ટ્રીય રાઈફલ્સની સંયુક્ત ટીમે રફિયાબાદમાં એક ઓપરેશન હાથ ધર્યું છે. હાલમાં સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. સૂત્રો ના જણાવ્યા પ્રમાણે હજુ પણ કેટલાક આતંકીઓ છુપાયેલા હોઈ શકે છે. માર્યા ગયેલા આતંકવાદીની ઓળખ હજુ સુધી મળી શકી નથી. પોલીસ તેની ઓળખ કરવામાં વ્યસ્ત છે. આ પહેલા શુક્રવારે સુરક્ષાદળોને મોટી સફળતા મળી હતી. સેનાએ પીઓકેના રહેવાસી અને લશ્કર-એ-તૈયબાના આતંકવાદી જૂથના સહાયકની ધરપકડ કરી હતી, જેની ઓળખ ઝહીર હુસૈન શાહ તરીકે થઈ હતી. સુરક્ષા દળોએ તેને પૂંચમાં પકડી લીધો હતો.

રાજ્યમાં યોજાનારી ચૂંટણી માં કોઈ ગડબડ ન થાય તે માટે કેન્દ્ર સરકારે ભારે સુરક્ષા દળો તૈનાત કર્યા છે. અત્યાર સુધીમાં અર્ધલશ્કરી દળોની લગભગ ૩૦૦ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે.

## વિઝા પીરિયડ ઘટાડો

અમેરિકાના વિઝા માટેનો લાંબો વેઈટિંગ પીરિયડ ભારતીયો માટે અકળાવનારો હોય છે. અમેરિકા પણ આ વાતથી સારી રીતે માહિતગાર છે અને તે પણ પ્રયાસ કરી રહ્યું છે કે આ વેઈટિંગ પીરિયડમાં ઝડપથી ઘટાડો થાય. શુક્રવારે નવી દિલ્હીમાં બંને દેશોની ટૂરિઝમ અને હોસ્પિટાલિટી સમિટમાં ભારત અને અમેરિકા વચ્ચે ટ્રાવેલ કરવાના પડકારો અંગે ચર્ચા થઈ હતી. ભારત અને યુએસ વચ્ચે ટ્રાવેલિંગમાં આવતો સૌથી મોટો પડકાર વિઝા માટેનો લાંબો વેઈટિંગ પીરિયડ છે અને તે અંગે આ સમિટમાં ચર્ચા કરવામાં આવી હતી.

## દિલ્હીમાં અલ કાયદાના મોટા આતંકી મોડ્યુલનો પર્દાફાશ

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે અલ કાયદાના એક મોટા આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે અને ૧૧ શંકાસ્પદ લોકોની ધરપકડ કરી છે, જ્યારે લગભગ અડધો ડઝન લોકોની હજુ પણ પૂછપરછ ચાલી રહી છે. આ ઓપરેશન દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા રાજસ્થાન, ઝારખંડ અને ઉત્તર પ્રદેશ પોલીસની મદદથી હાથ ધરવામાં આવ્યું હતું. અલ કાયદાના મોડ્યુલમાંથી પકડાયેલા શકમંદોમાંથી ૬ની રાજસ્થાનના ભિવડીમાંથી, ૪ની રાંચીમાંથી, એકની હજારીબાગમાંથી અને ૪ની યુપીના અલીગઢમાંથી અટકાયત કરવામાં આવી હતી. જેમાંથી ૧૧ની ધરપકડ કરવામાં આવી છે. આ મોડ્યુલના લીડર ડૉ. ઈશ્તિયાક અહેમદ છે, જેઓ રાંચીની એક જાણીતી હોસ્પિટલ ના રેડિયોલોજી વિભાગમાં કામ કરતા હતા. બાકીના આરોપી ઓની ઓળખ ઝારખંડના રહેવાસી મોતીઉર, રિઝવાન, મુફ્તી રહેમતુલ્લાહ અને ફૈઝાન અહેમદ તરીકે થઈ છે. અન્ય આરોપીઓમાં રાજસ્થાનના ભિવડીના હસન અંસારી, ઉનકામુલ અંસારી, અલ્તાફ અંસારી, અરશદ ખાન, ઉમર ફારૂક, શાહબાઝ અંસારીનો સમાવેશ થાય છે.

તેમાંથી મોટાભાગના ઝારખંડના હજારીબાગ અને રાંચીના રહેવાસી છે.દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલને ડૉ. ઈશ્તેયક વિશે ગુપ્ત માહિતી મળી હતી. ડોક્ટરને કસ્ટડી માં લીધા બાદ તેની પૂછપરછ કરવામાં આવી હતી અને જ્યારે તેના મોબાઈલ અને અન્ય ઈલેક્ટ્રોનિક સાધનોની તલાશી લેવામાં આવી ત્યારે આ મોડ્યુલ વિશે માહિતી મળી હતી.

## કોલકાતા રેપ-મર્ડર કેસમાં પોલીગ્રાફી ટેસ્ટ,વધુ એક કેસ દાખલ

કોલકતા,તા.૨૪

કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજમાં મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસમાં શનિવારે પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષ સહિત કુલ સાત લોકોનો પોલિગ્રાફ ટેસ્ટ કરવામાં આવ્યો છે. સંદીપ ઘોષ ઉપરાંત બળાત્કારના આરોપી સંજય રોય અને મેડિકલ કોલેજના અન્ય ચાર ડોક્ટરોનો પણ પોલિગ્રાફ ટેસ્ટ કરયો છે. આ ઉપરાંત હોસ્પિટલના સિવિલ વોલેન્ટિયરનો પોલીગ્રાફ ટેસ્ટ પણ કરવામાં આવી રહ્યો છે. મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસમાં આરજી કાર મેડિકલ કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષની ભૂમિકા શંકાસ્પદ છે. સંદીપ ઘોષની સીબીઆઈ દ્વારા એક સપ્તાહથી વધુ સમયથી સતત પૂછ પરછ કરવામાં આવી રહી છે. રિપોર્ટ્સ અનુસાર પૂછપરછ દરમિયાન સંદીપ ઘોષના નિવેદનોમાં વિરોધાભાસ છે. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે તેની સુનાવણી દરમિયાન સંદીપ ઘોષની ભૂમિકા પર પણ ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. આ જ કારણ છે કે સંદીપ ઘોષ સીબીઆઈ તપાસના રડાર પર છે. સીબીઆઈએ કોર્ટમાં સંદીપ ઘોષ, આરોપી સંજય રોય અને અન્ય ચાર ડોકટરો અને એક સિવિલ વોલેન્ટિયરનો પોલીગ્રાફ ટેસ્ટ કરાવવાની પરવાનગી માંગતી અરજી દાખલ કરી હતી, જેને કોર્ટે મંજૂર કરી હતી. કોર્ટની મંજૂરી બાદ આજે તમામનો પોલીગ્રાફ ટેસ્ટ કરવામાં આવ્યો છે.જેલમાં જ આરોપી સંજય રોયનો પોલીગ્રાફ ટેસ્ટ કરવામાં આવ્યો છે. બાકી નો પોલીગ્રાફ ટેસ્ટ સીબીઆઈ ઓફિસમાં થયો છે. પોલિગ્રાફ ટેસ્ટ માટે નવી દિલ્હીની સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી થી નિષ્ણાતોની ટીમ કોલકાતા પહોંચી હતી પોલીગ્રાફ ટેસ્ટને લાઈ ડિટેક્ટર ટેસ્ટ પણ કહેવામાં આવે છે. આ ટેસ્ટમાં ઘણા મનોવૈજ્ઞાનિક પરીક્ષણો કરવામાં આવે છે. આ ઉપરાંત પ્રશ્નોના જવાબ આપતી વખતે બ્લડપ્રેશર, શ્વાસની ગતિ, ત્વચાની સંવેદનશીલતા વગેરેનો પણ અભ્યાસ કરવામાં આવે છે.

સીબીઆઈ કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ માં ૩૧ વર્ષીય તાલીમાર્થી ડૉક્ટરની બળાત્કાર અને પછી હત્યાના કેસની તપાસ કરી રહી છે. આ કેસમાં દર-રોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. હવે તપાસકર્તાઓએ સીસીટીવી કેમેરા ના નવા ફૂટેજ જાહેર કર્યા છે, જેમાં મુખ્ય આરોપી સંજય રોય જોવા મળે છે. વીડિયોમાં સંજય રોયને ૯મી ઓગસ્ટની મધ્યરાત્રિ પછી આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ માં દાખલ થતો બતાવવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે ૮-૯ ઓગસ્ટની રાત્રે એક ટ્રેઈની ડોક્ટર પર બળાત્કાર કરવામાં આવ્યો હતો અને પછી તેની હત્યા કરવામાં આવી હતી, જેની લાશ બીજા દિવસે હોસ્પિટલના સેમિનાર હોલમાં મળી આવી હતી. સીસીટીવી ફૂટેજમાં શકમંદના ગળામાં બ્લૂટૂથ ઈયરફોન જોઈ શકાય છે. તાલીમાર્થી ડૉક્ટર ના મૃતદેહ પાસે મળેલા સીસી ટીવી કેમેરાના ફૂટેજ અને બ્લૂટૂથ ડિવાઈસની મદદથી જે કોલેજના સેમિનાર હોલમાં લાશ મળી હતી ત્યાં પ્રવેશતા દેખાતા સંજય રોયની ધર પકડ કરવામાં આવી હતી. ૩૩ વર્ષીય સંજય રોય ૨૦૧૯માં કોલકાતા પોલીસમાં નાગરિક સ્વયંસેવક તરીકે જોડાયા હતા અને ઘટનાના બીજા દિવસે કોલકાતા પોલીસે તેની ધરપ કડ કરી હતી.

## મુંબઈ થી હૈદરાબાદ જઈ રહેલ હેલિકોપ્ટર ક્રેશ થયું

મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં હેલીકોપ્ટર ક્રેશ થવાની ઘટના સામે આવી છે. પુણેમાં હાલ ઝડપી પવન સાથે ભારે વરસાદ વરસી રહ્યો છે. ત્યારે ખરાબ વાતાવરણના કારણે આ ઘટના ઘટી હોવાનું અંદાજ લગાવવામાં આવી રહ્યું છે. હેલીકોપ્ટર માં ચાર લોકો સવાર હોવાની માહિતી મળી છે. જેમાં એકની હાલત ગંભીર છે જ્યારે અન્ય ત્રણ લોકો સુરક્ષિત છે.

ઘટનાના સંબંધમાં એક પોલીસ અધિકારીએ જણાવ્યું છે કે, પુણેના પૌડ ગામ નજીક પ્રાઈવેટ એવિએશન કંપનીનું હેલીકોપ્ટર ક્રેશ થયું છે, આ હેલીકોપ્ટર મુંબઈથી હેદરાબાદ જઇ રહ્યું હતું અને તેમાં ચાર લોકો સવાર હતા. આ ઘટનાના એક પ્રત્યક્ષદર્શીએ મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું કે, 'જ્યારે આ ઘટના બની ત્યારે હું નજીક જ હતો. મેં જોયું કે એક હેલીકોપ્ટર નીચે પડી રહ્યો છે, જ્યારે તે નીચે પડ્યો ત્યારે હું તેની પાસે ગયો. મેં પાયલોટ સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો પણ તે વાત કરવાની સ્થિતિમાં નહોતો. તે ગભરાઇ ગયો હતો અને લોકોને કહી રહ્યો હતો કે અહીંથી હટી જાઓ, હેલીકોપ્ટર બ્લાસ્ટ થઇ શકે છે.'

પ્રત્યક્ષદર્શીએ વધુમાં જણાવ્યું કે, 'જે સ્થળે આ ઘટના બની છે, તે ખૂબ જ નાની જગ્યા છે. ત્યાં જવું ઘણું મુશ્કેલ છે. અહીં બે દિવસથી ભારે વરસાદ વરસી રહ્યો છે, મને લાગે છે કે કદાચ આ જ કારણસર આ ભયંકર ઘટના બની છે. મને બ્લડ પ્રેશરની સમસ્યા છે અને આ દુર્ઘટના જોઇ હું ખૂબ જ ડરી ગયો હતો અને ત્યાંથી તરત ભાગી ગયો હતો.'


# FILMY ગપશપ

### યુઝર્સે કહ્યું- જો તમે નથી જાણતા તો ચૂપ રહો

## ઓલિમ્પિક મેડલ વિજેતા ઈમાન ખલીફાને ટેકો આપવા બદલ તાપસી પન્નુ મુશ્કેલીમાં મુકાઈ ગઈ!


મુંબઈ, તા.૨૪

બોલિવૂડ અભિનેત્રી તાપસી પન્નુ નિર્ભય પણે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવા માટે જાણીતી છે. તાપસી એવા કલાકારોમાંથી એક છે જે રાજકીય અને સામાજિક ઘટનાઓ અંગે અભિપ્રાય ધરાવે છે. હવે તાપસીએ પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં થયેલા એક વિવાદ પર પોતાનો અભિપ્રાય આપ્યો છે, જેના માટે તે સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ રહી છે. તાપસીએ ઓલિમ્પિક દરમિયાન ચર્ચામાં આવેલી અલ્જેરિયાની બોક્સર ઈમાન ખલીફ અને તેના પર પ્રતિબંધ મૂકવાની માંગને લઈને પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. ઈમાનને સપોર્ટ કરતી વખતે તાપસીએ તેની ફિલ્મ 'રશ્મિ રોકેટ'નો પણ ઉલ્લેખ કર્યો હતો. પરંતુ તાપસીના નિવેદનના કારણે તે હવે ટ્રોલના નિશાના પર આવી ગઈ છે. આવો તમને જણાવીએ શું છે સમગ્ર મામલો... ઈન્ટરવ્યુમાં કહ્યું, 'મેં આ વિષય પર એક ફિલ્મ કરી છે. મેં 'રશ્મિ રોકેટ' નામની ફિલ્મ કરી હતી. તે એક મહિલા એથ્લેટ વિશે હતું જેના પર ટેસ્ટોસ્ટેરોનના ઉચ્ચ સ્તરને કારણે પ્રતિબંધ




મૂકવામાં આવ્યો હતો. મેં આવી ભૂમિકા ભજવી હતી અને અમે અમારો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. મને મળેલી ફિલ્મોની સુંદરતા એ છે કે મારી ફિલ્મો એવા મુદ્દાઓ વિશે પણ વાત કરે છે જેમાં હું અંગત રીતે માનું છું, તેમના વિશે કોઈ બહારનું નિવેદન કર્યા વિના. 'રશ્મિ રોકેટ'માં તેના પાત્ર વિશે વાત કરતી વખતે, તાપસીએ વિશ્વાસના મુદ્દા પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. તેણે આગળ કહ્યું, 'મારા હોર્મોન્સ કેવા છે તે મારા નિયંત્રણમાં નથી. એવું નથી કે મેં કોઈ સપ્લિમેન્ટ્સ લીધાં છે, એવું નથી કે મેં કોઈ હૉર્મોન ઈન્જેક્શન લીધાં છે, એવું નથી કે હું આ રીતે જન્મ્યો હતો. ફિલ્મમાં અમારો દૃષ્ટિકોણ એ હતો કે એવા ઘણા એથ્લેટ્સ છે જે અન્ય એથ્લેટ્સ કરતાં જૈવિક લાભ સાથે જન્મે છે. આ પછી, તાપસીએ યુસૈન બોલ્ટ અને માઈકલ ફેલ્પ્સનું નામ લીધું, જેમણે ઘણા ઓલિમ્પિક મેડલ જીત્યા છે, જેમને તેમની શારીરિક રચનાને કારણે અન્ય એથ્લેટ્સની તુલનામાં સ્પર્ધામાં ફાયદો મળ્યો છે. તાપસીએ કહ્યું, 'આ બધા લોકો બાકીના લોકો કરતાં જૈવિક ફાયદા સાથે જન્મે છે, તો શા માટે તે બધા પર પ્રતિબંધ નથી, શા માટે ફક્ત તે જ લોકો પર શા માટે છે જેમના ટેસ્ટોસ્ટેરોનનું પ્રમાણ વધારે છે? જો તેણીએ (ઈમાન) આ સ્પર્ધા માટે ઈન્જેક્શન અથવા હોર્મોન્સ લીધા હોય તો તે ગેરકાયદેસર છે અને તેના માટે તેના પર પ્રતિબંધ મૂકવો જોઈએ. પરંતુ એવું નથી, તેથી આ એક એવી વસ્તુ છે જેના પર તેણીનો કોઈ નિયંત્રણ નથી અને તમે તેના પર પ્રતિબંધ મૂક્યો છે, જ્યારે તે હંમેશા છોકરીની જેમ રહે છે.

## આમિર સાઉથની મદદથી એક્ટિંગમાં કમબેક કરશે




મુંબઈ, તા.૨૪

બોલિવૂડમાં મિસ્ટર પરફેક્શનિસ્ટ તરીકે ઓળખાતા આમિર ખાનની છેલ્લી ફિલ્મ 'લાલસિંગ ચડ્ઢા' આવી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખરાબ રીતે પીટાઈ ગઈ હતી. નિષ્ફળતાના આઘાતમાંથી બહાર નીકળવા માટે આમિરે લાંબો બ્રેક લીધો હતો. પછી આમિરે ફિલ્મો પ્રોડ્યુસ કરવામાં પોતાનું બધું જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું અને તે હાલ પ્રોડ્યુસર તરીકે વ્યસ્ત છે. તેનાં પ્રોડક્શનની આગામી ફિલ્મ 'સિતારેં ઝમીં પર' આ ડિસેમ્બરમાં રિલીઝ થશે. હવે આમિર ફરી પ્રોડ્યુસ કરવા માટે કોઈ સારી સ્ટોરીની શોધમાં છે, આમિર અને લોકેશ વચ્ચે ફિલ્મની સ્ટોરી અંગે વાતચીત થઈ ગઈ છે અને આમિરને પોતાનું કેરેક્ટર પસંદ આવ્યું હોવાનું કહેવાય છે.



ટીવી અભિનેત્રી આમનાએ ગ્લેમરસ ફોટોશૂટ કરાવી ચાહકોને દિવાના બનાવ્યા છે. બ્લેક લૂકમાં આમના ખૂબ જ સુંદર લાગી રહી છે.આમના શરીફે બ્લેક લૂકમાં ખૂબ જ શાનદાર ફોટોશૂટ કરાવ્યું છે.અભિનેત્રીનો ગ્લેમરસ અંદાજ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે.



ભૂમિકા ગુરંગ 'નિમકી મુખિયા'ના નામથી ઘર ઘરમાં ફેમસ થઈ હતી. અભિનેત્રી તેના સ્ટાઈલિશ આઉટફિટના કારણે ચર્ચામાં રહે છે.ભૂમિકા ગુરંગે બ્લેક આઉટફિટમાં ખૂબ જ શાનદાર ફોટોશૂટ કરાવ્યું છે.અભિનેત્રી નવા લૂકમાં ખૂબ જ સુંદર લાગી રહી છે. ચાહકો પણ તેના અંદાજ પર ફિદા થયા છે.

## કંગનાની 'ઈમરજન્સી' પર પ્રતિબંધ મૂકવા શીખ સંગઠનોની માગણી

મુંબઈ, તા.૨૪

લોકસભામાં સાંસદ બન્યા પછી કંગના રણોતની પહેલી ફિલ્મ ઈમરજન્સી રિલીઝ થવાની તૈયારીમાં છે. કંગનાએ લોકસભા ચૂંટણીના પગલે ફિલ્મની રિલીઝ અટકાવી હતી, પરંતુ હવે તેણે ફિલ્મનું પ્રમોશન શરૂ કરી દીધું છે. કંગનાની 'ઈમરજન્સી'નું ટ્રેલર લોન્ચ થતાં જ વિવાદની શરૂઆત થઈ ગઈ છે. અકાલ તખ્ત અને શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટી જેવી શીખ સંસ્થાઓએ કંગનાની આ ફિલ્મ સામે વાંધો ઊઠાવ્યો. શીખ સમાજને ખોટી રીતે રજૂ કરાયો હોવાથી તેના પર પ્રતિબંધ મૂકવાની માગણી થઈ છે. શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટીના વડા હરજિન્દરસિંગ ધામીએ કહ્યું હતું કે, ફિલ્મમાં ઈરાદાપૂર્વક શીખોને ખરાબ ચીતરવામાં આવ્યા છે. શીખ સમાજમાં જરનૈલસિંગ ભિંદરાનવાલેને શહિદ ગણવામાં આવે છે, જ્યારે આ ફિલ્મમાં તેમના ચારિર્ત્યનું હનન કરાયું છે. અકાલ તખ્તના વડા ગ્યાની રઘબીરસિંહના મતે આ ફિલ્મમાં શીખોને અલગાવવાદી ગણાવાયા છે અને ઈતિહાસમાં તેમની ભૂમિકાને ખરાબ ચીતરવામાં આવી છે. એક ષડયંત્રના ભાગરૂપે શીખોના બલિદાનને ભૂલાવી તેમને ખોટી રીતે રજૂ કરાયા છે. કંગનાની 'ઈમરજન્સી'માં ભારત દેશમાં કટોકટી લદાઈ તે સમયની વાત છે. ફિલ્મમાં કંગનાએ પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીનો રોલ કર્યો છે. ફિલ્મમાં ઈન્દિરા ગાંધીની રાજકીય સફર અને તેમની સમક્ષ આવેલાં પડકારો રજૂ કરાયા છે. આ ફિલ્મમાં કંગનાની સાથે અનુપમ ખેર, મહિમા ચૌધરી, મિલિન્દ સોમણ, શ્રેયસ તલપડે, વિશાક નાયર અને સતીષ કૌશિક મહત્ત્વના રોલમાં છે. 'ઈમરજન્સી' ૬ સપ્ટેમ્બરે વર્લ્ડવાઈડ રિલીઝ થવાની છે.


## રિતિક રોશન પણ આલિયા, શર્વરીની 'આલ્ફા' બ્રિગેડમાં જોડાશે

મુંબઈ, તા.૨૪


યશરાજ ફિલ્મ સ્ટુડિયોની સ્પાય યુનિવર્સની થ્રિલર ફિલ્મ 'આલ્ફા' માટે શર્વરી અને આલિયાએ શૂટિંગ શરૂ કરી દીધું છે. આલિયાએ ઓગસ્ટથી આ કામ શરૂ કર્યું છે. હવે એવા પણ અહેવાલો આવી રહ્યા છે કે રિતિક રોશન વાયઆરએફ ફ્રેન્ચાઈઝીમાં એજન્ટ કબીરનો રોલ કરી રહ્યો છે, તે પણ આ ફિલ્મમાં જોડાશે. ફિલ્મ સાથે જડાયેલા એક સૂત્રના જણાવ્યા અનુસાર, આલિયા, શર્વરી અને રિતિક આવતા અઠવાડિયાથી કાશ્મીરમાં શૂટ કરશે. "૨૪ ઓગસ્ટથી આલિયા અને શર્વરી કાશ્મીરમાં શૂટ કરશે. ટીમે ઘણી બારીકાઈપૂર્વક એક્શન સિક્વન્સ શૂટ કરવાનું આયોજન કર્યું છે. એવી પણ શક્યતા છે કે રિતિક પણ એક કેમિયો



માટે તેમની સાથે શૂટ કરશે. પહેલી મહત્વની એક્શન સીક્વન્સમાં શર્વરીનું પાત્ર બૉબી દેઓલના પાત્ર સાથે લડતું દેખાશે, જે જોવું એક લ્હાવો હશે." આ પહેલાં એવી પણ ચર્ચાઓ ચાલી હતી કે રિતિક રોશનનું પાત્ર આ ફિલ્મમાં આલિયાના મેન્ટર તરીકે જોવા મળશે. આ અગાઉ એક સૂત્ર દ્વારા માહિતી આપવામાં આવી હતી કે 'આલ્ફા' માટે ઓગસ્ટમાં કાશ્મીરમાં શૂટ કરવામાં આવશે, જે સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયા સુધી ચાલશે. "મુંબઈમાં શૂટ પૂરું થઈ ગયા પછી આગળના શૂટ માટે ટીમ કાશ્મીર જશે. ત્યાં ટૂંકું શિડ્યુલ છે. જે ઓગસ્ટના છેલ્લા અઠવાડિયાથી સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયા સુધી જ હશે." આ ફિલ્મ આદિત્ય ચોપ્રા પ્રોડ્યુસ કરે છે અને શિવ રવેલ ડિરેક્ટ કરે છે.



સોનારિકા ભદોરિયાએ તાજેતરમાં કેટલીક તસવીરો સામે આવી છે, ટીવીની પાર્વતી સોનારિકા ભદૌરિયાએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટને અપડેટ કરતી વખતે કેટલીક તસવીરો શેર કરી છે, જેમાં તે કોઈ અપ્સરાથી ઓછી દેખાતી નથી.



અભિનેત્રી પૂજા બેદીની પુત્રી અલાયા ફર્નિચરવાલાએ પોતાની સ્ટાઈલ અને ફિટનેસથી ચાહકોને દિવાના બનાવી દીધા છે.બોલિવૂડ ફિલ્મ સ્ટાર પૂજા બેદીની પુત્રી અને અભિનેત્રી આલિયા એફ ઇન્ડસ્ટ્રીની આગામી હોટેસ્ટ સ્ટારકિડ્સની યાદીમાં આવે છે.

## સિદ્ધાર્થ આનંદ પઠાણ, ફાઈટરની જેમ મોટા બજેટ સાથે ફિલ્મ બનાવશે

મુંબઈ, તા.૨૪

અક્ષય કુમારની છેલ્લી હિટ ફિલ્મ સૂર્યવંશી હતી. ત્યારબાદ આવેલી તમામ ૧૮ ફિલ્મો



પર ઊંધા માથે પછડાઈ છે. તાજેતરમાં રિલીઝ થયેલી 'ખેલ ખેલ મેં' પણ બોક્સઓફિસ પર ડચકાં ખાઈ રહ્યા છે. એક સમયે હિટ ફિલ્મોની ગેરંટી મનાતા અક્ષયની ફિલ્મો ફ્લોપ થવા છતાં ફિલ્મ મેકર્સનો વિશ્વાસ તૂટ્યો નથી. વર્તમાન સમયના સફળ ફિલ્મમેકર સિદ્ધાર્થ આનંદે અક્ષય કુમાર સાથે મોટા બજેટની એક્શન ફિલ્મ બનાવવાનું આયોજન છે. અક્ષય કુમારની કરિયરમાં એક્શન અને કોમેડી ફિલ્મો વધુ સફળ રહી છે. બોલિવૂડમાં ખિલાડી કુમાર તરીકે ઓળખાતા અક્ષયની કરિયરમાં અગાઉ પણ ફ્લોપ ફિલ્મોનો દોર આવી ચૂક્યો છે.

આ તબક્કામાં ધીરજપૂર્વક ટકી રહીને તેઓ વધુ સશક્ત બનીને બહાર આવ્યા છે. રિપોર્ટ્સ મુજબ, સિદ્ધાર્થ આનંદના પ્રોડક્શન હાઉસ મારફિલક્સ દ્વારા અક્ષય સાથે એક ફિલ્મ નક્કી કરવામાં આવી છે. આ ફિલ્મને મિલન લુથરિયા ડાયરેક્ટ કરવાના છે. મિલન અને અક્ષયે અગાઉ 'વન્સ અપોન અ ટાઈમ ઈન મુંબઈ દોબારા'માં સાથે કામ કર્યુ હતું. સિદ્ધાર્થ આનંદ અને અક્ષય પહેલી વખત સાથે કામ કરવા જઈ રહ્યા છે.

સિદ્ધાર્થે 'પઠાણ' અને 'ફાઈટર'ની જેમ મોટા બજેટ સાથે એક્શન ફિલ્મ બનાવવાનું વિચાર્યુ છે. આ ફિલ્મમાં અક્ષયનો લીડ રોલ પાકો થયો છે, જ્યારે અન્ય કાસ્ટ ફાઈનલ કરવાની તજવીજ ચાલી રહી છે. સિદ્ધાર્થે સ્ક્રિપ્ટની જવાબદારી રજત અરોરાને સોંપી છે. મિલન અને રજતની જોડીનો સક્સેસ રેકોર્ડ ઘણો સરો રહ્યો છે.

આ ફિલ્મથી અક્ષય કુમાર ફરી એક વાર એક્શન ખિલાડી તરીકે સ્થાપિત થઈ શકે છે. અક્ષય કુમારની છેલ્લી એક્શન ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' હતી. આ ફિલ્મના કારણે પ્રોડ્યુસર જેકી ભગનાનીને જંગી નુકસાન થયું હતું. અક્ષય કુમારની પાસે હાલ કોમેડી ફિલ્મો છે, જેમાં 'હાઉસફુલ ૫' 'વેલકમ ટુ ધ જંગલ' અને 'જોલી એલએલબી ૩'નો સમાવેશ થાય છે.

# SPORTS કોર્નર

## શિખર ધવને ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી

નવીદિલ્હી,તા.૨૪

શિખર ધવને આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. તેણે સોશિયલ મીડિયા દ્વારા આ માહિતી આપી હતી. શનિવાર, ૨૪ ઓગસ્ટની સવારે, તેણે એક વીડિયો શેર કર્યો જેમાં તેણે નિવૃત્તિની જાહેરાત કરી અને તમામ ચાહકોનો આભાર માન્યો.

ક્રિકેટને અલવિદા કહેતી વખતે તેણે ખાસ કરીને પોતાના પરિવાર, બાળપણના કોચ, ટીમ ઈન્ડિયા અને બીસીસીઆઈનો આભાર માન્યો હતો. ધવને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેની છેલ્લી મેચ ૧૦ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ બાંગ્લાદેશ સામે ચટગાંવમાં રમી હતી. આ મેચમાં તે માત્ર ૩ રન બનાવી શક્યો હતો. શિખર ધવને ૨૦૧૦માં ઓસ્ટ્રેલિયા સામેની વનડે મેચમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. વિશાખાપટ્ટનમમાં રમાયેલી ડેબ્યૂ મેચની શરૂઆત સારી રહી ન હતી. તે ઈનિંગના બીજા બોલ પર કોઈ રન બનાવ્યા વગર આઉટ થઈ ગયો હતો. આ પછી, ૨૦૧૧માં તેણે વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ ટી ૨૦ ઈન્ટરનેશનલમાં ડેબ્યૂ કર્યું. ધવને ૨૦૧૩માં ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. પોતાના ટેસ્ટ ડેબ્યૂમાં ધવને ૧૮૭ રનની શાનદાર ઈનિંગ રમી હતી. જોકે, ૧૪ વર્ષ બાદ હવે તેણે પોતાની ક્રિકેટ સફરનો અંત આણ્યો છે. નિવૃત્તિ લેતી વખતે ધવને કહ્યું કે તે શાંતિમાં છે. નિવૃત્તિ લેતી વખતે તે કોઈ વાતથી દુઃખી નથી, કારણ કે તે દેશ માટે ઘણું રમ્યો છે.ભારત તરફથી રમતા ધવને ખૂબ જ શાનદાર કારકિર્દી બનાવી હતી. તેણે ટીમ ઈન્ડિયા માટે એકથી વધુ ઈનિંગ્સ રમી હતી. ૨૦૧૩ની ચેમ્પિયન્સ ટ્રોફીની જીતમાં તેનું ખૂબ મહત્વનું યોગદાન હતું. તે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તરીકે ચૂંટાયો હતો. ધવને ભારત માટે કુલ ૨૬૯ મેચ રમી જેમાં તેણે ૧૦૮૬૭ રન બનાવ્યા.

ધવને ટેસ્ટમાં ૩૪ મેચ રમી, ૫૮ ઈનિંગ્સમાં ૪૦.૬૧ની એવરેજથી ૨૩૧૫ રન બનાવ્યા. તેણે ૧૬૭ વનડે મેચોમાં ૪૪.૧૧ની એવરેજથી ૬૭૯૩ રન બનાવ્યા અને ૬૮ ટી ૨૦ મેચોમાં ૧૭૫૯ રન બનાવ્યા. ધવને તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં ૨૪ સદી અને ૪૪ અડધી સદી ફટકારી છે.

## ઈતિહાસમાં પ્રથમ વખત મહિલા ટેસ્ટ મેચ યોજાશે, ભારત અને ઈંગ્લેન્ડ ટકરાશે



લંડન,તા.૨૪

લંડનમાં લોર્ડ્સ ક્રિકેટ સ્ટેડિયમ ઈતિહાસમાં પ્રથમ વખત મહિલા ટેસ્ટ મેચનું આયોજન કરશે. ઈંગ્લેન્ડે તેનું ૨૦૨૬ સુધીનું કેલેન્ડર જાહેર કર્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે એકમાત્ર મહિલા ટેસ્ટ રમાશે. જે આ ઐતિહાસિક મેદાન પર પ્રથમ મહિલા ટેસ્ટ હશે. ઈંગ્લેન્ડ પણ ૨૦૨૫માં ઝિમ્બાબ્વે સામે ટેસ્ટ રમશે, જે ૨૨ વર્ષમાં બંને ટીમ વચ્ચેની પ્રથમ ટેસ્ટ હશે.

ઝિમ્બાબ્વે બાદ ઈંગ્લિશ ટીમ ૫ ટેસ્ટ માટે ભારતની યજમાની કરશે. આ પછી ઈંગ્લેન્ડ એશિઝ સીરીઝ રમવા સીધુ ઓસ્ટ્રેલિયા જશે.ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે કહ્યું કે, ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે મહિલા ટેસ્ટ ૨૦૨૬માં ખાસ સમયે યોજાશે. ઈંગ્લેન્ડની મહિલા ટીમે છેલ્લે ૧૯૭૬માં દિગ્ગજ રશેલ હેહો ફ્લિન્ટની આગેવાની હેઠળ લંડનમાં ટેસ્ટ રમી હતી.

આ ખાસ અવસરના ૫૦ વર્ષ પૂર્ણ થવા પર ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે લંડનના લોર્ડ્સ સ્ટેડિયમમાં ટેસ્ટ મેચ રમાશે. ભારતીય મહિલા ટીમ ૨૦૨૫ માં મર્યાદિત ઓવરની શ્રેણી માટે ઈંગ્લેન્ડનો પ્રવાસ કરશે જ્યાં બંને રાષ્ટ્રો પાંચ T20I અને ત્રણ ODI રમશે. ભારતે ડિસેમ્બર ૨૦૨૩ થી ઘરઆંગણે ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા રમ્યું છે અને ત્રણેય ટેસ્ટ જીતી છે.

## ક્રિકેટર કે એલ રાહુલે પોતાની પત્ની સાથે ઓકશનનું આયોજન કર્યું

મુંબઈ, તા.૨૪

ટીમ ઈન્ડિયાના સ્ટાર કે એલ રાહુલે પોતાની પત્ની સાથે હાલમાં જ 'ક્રિકેટ ફોર ચેરિટી' ઓક્શનનું આયોજન કર્યું હતું. તેનો હેતુ વંચિત બાળકોને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ આપવાના વિપલા ફાઉન્ડેશનના મિશનને સમર્થન આપવાનો હતો.

મુંબઈ ખાતે યોજવામાં આવેલ આ ઓક્શનમાં વિરાટ કોહલી અને રોહિત શર્મા સહિત ઈન્ટરનેશનલ ક્રિકેટના ઘણા મોટા નામોએ આ ઉમદા હેતુ માટે પોતાની અમૂલ્ય યાદગાર વસ્તુઓનું દાન કર્યું હતું. તેમાં સૌથી મોંઘી બોલી કિંગ કોહલીની જર્સીની લાગી હતી જે રોહિત શર્મા અને એમ એસ ધોનીની બેટ કરતા પણ મોંઘી વેચાઈ.

વિરાટ કોહલીની જર્સીને ૪૦ લાખ રૂપિયામાં ખરીદવામાં આવી. ઓક્શનમાં કુલ ૧.૯૩ કરોડની રકમ એકત્ર કરવામાં આવી હતી. વિરાટ કોહલીનું યોગદાન માત્ર તેની જર્સી પૂરતું જ મર્યાદિત ન હતું તેના ગ્લવ્સ પણ ખૂબ જ આકર્ષક રહ્યા હતા, જે



૨૮ લાખ રૂપિયામાં વેચાયા. આ ઉપરાંત રોહિત શર્માની બેટ પણ એક શાનદાર વસ્તુ હતી જે ૨૪ લાખમાં વેચાઈ.

ઈન્ડિયા અને ચેન્નાઈ સુપર કિંગ્સના દિગ્ગજ પૂર્વ કેપ્ટન એમ એસ ધોનીએ ઓક્શનમાં પોતાની બેટ વેચીને ઈતિહાસ રચી દીધો. તેની આ બેટ ૧૩ લાખ રૂપિયામાં વેચાઈ.

આ યોગદાનની સાથે-સાથે રાહુલ દ્રવિડની બેટ પણ ૧૧ લાખ રૂપિયામાં વેચાઈ. કે એલ રાહુલની જર્સી પણ ૧૧ લાખ રૂપિયામાં વેચાઈ. રાહુલ અને આથિયા બંનેએ ભારપૂર્વક જણાવ્યું કે, આ કાર્ય અમારા હૃદયની ખૂબ જ નજીક છે કારણ કે, તેનાથી દિવ્યાંગ બાળકોના ઉત્થાનમાં મદદ મળશે.

## બુમરાહના કારણે શાનદાર ખેલાડીનું કરિયર થયું ખલ્લાસ

નવી દિલ્હી, તા.૨૪

ટીમ ઈન્ડિયાનો એક બોલર એવો પણ હતો જેણે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં આવતાની સાથે જ ધમાલ મચાવી હતી. આ બોલરની સ્વિંગ પાકિસ્તાનના મહાન બોલર વસીમ અક્રમ જેવી જ ખતરનાક છે. પરંતુ ૮ વર્ષથી પણ વધુ સમય થઈ ગયો અને હવે તો જાણે આ ખેલાડીને ટીમ ઈન્ડિયાના સિલેક્ટર્સ ભૂલી જ ગયા છે. આ ખતરનાક ફાસ્ટ બોલર ૮ વર્ષ પહેલા સુધી ભારતની વનડે અને ટી૨૦ ટીમનો મહત્વનો ભાગ હતો. પરંતુ હવે આ ખેલાડીના ઈન્ટરનેશનલ ક્રિકેટર કરિયર પર જાણે પૂર્ણવિરામ આવી ગયું હોય તેવું છે. બુમરાહની ઝળહળતી કારકિર્દીએ આ ખેલાડીની કરિયરને હાંસિયામાં ધકેલી દીધી હોય તેવું છે અને ત્યારબાદ હવે આ ખેલાડી લગભગ ગુમનામીના અંધારામાં ધકેલાઈ ગયો છે.

ટીમ ઈન્ડિયાના 'સ્વિંગ કિંગ રહી ચૂકેલો ફાસ્ટ બોલર બરિન્દર સરન છેલ્લા ૮ વર્ષથી ટીમ ઈન્ડિયાથી બહાર છે. સિલેક્ટર્સે આ ખેલાડીને દૂધમાંથી માખીની જેમ બહાર ફેંકી દીધો હતો. બરિન્દર સરન પોતાની છેલ્લી ઈન્ટરનેશનલ મેચ ૨૨ જૂન ૨૦૧૬ના રોજ રમ્યો હતો. બરિન્દર સરન છેલ્લી વખત ઝિમ્બાબ્વે વિરુદ્ધ ટી૨૦ સીરિઝ રમતો જોવા મળ્યો હતો. આ સિરીઝ બાદ બરિન્દર સરનની કરયર લગભગ ખતમ થઈ ગઈ. ઝહીર ખાન અને આશીષ નહેરાના સન્યાસ લીધા બાદથી ભારતીય ટીમ એક સારા ડાબોડી ફાસ્ટ બોલરની શોધમાં હતી. બરિન્દર સરને થોડી આશા જગાવી હતી પરંતુ તે લાંબી રેસનો ઘોડો સાબિત થયો નહીં.

બરિન્દર સરને પોતાની કરિયરમાં ૬ વનડે અને ૨ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ રમી છે. બરિન્દર સરને વનડેમં ૭ જ્યારે ટી૨૦ ઈન્ટરનેશનલમાં કુલ ૬ વિકેટ લીધી છે. વર્ષ ૨૦૧૬માં ઓસ્ટ્રેલિયાના પ્રવાસ દરમિયાન જ્યારે જસપ્રીત બુમરાહે ભારત માટે વનડે અને ટી૨૦ ક્રિકેટમાં ડેબ્યુ કર્યું તો બરિન્દર સરનની કરિયરનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું.

જસપ્રીત બુમરાહ સમયની સાથે સફળતાની સિડીઓ ચડવા લાગ્યો અને બરિન્દર સરન ટીમ ઈન્ડિયામાંથી બહાર થઈ ગયો. બરિન્દર સરન હજુ ફક્ત ૩૧ વર્ષનો જ છે.

# દેશભરમાં સ્થાઈ થયેલા પાટીદારો જન્માષ્ટમી એ પકડે છે વતન કચ્છની વાટ

## કચ્છમાં શ્રાવણના પ્રારંભ સાથે જ કડવા પાટીદાર સમાજમાં ઉત્સવ જેવો માહોલ.નખત્રાણા,લખપત સહિતના તાલુકાના ગામોમા હાલ દિવાળી જેવો માહોલ વિવિધ ધાર્મીક કાર્યક્રમો સાથે પાટીદારો દર વર્ષે વતનમાં અચુક આવે છે.



સાતમ-આઠમને ગણતરીના દિવસો બાકી છે.ત્યારે સાતમ-આઠમની ઉજવણી કરવા કચ્છ વાસીઓ થન-ગની રહ્યા છે.કચ્છના અને ધંધાર્થે બહાર વસતા પાટીદાર સમાજના લોકો સાતમ-આઠમની ઉજવણી કરવા માદરે વતન આવી પહોંચ્યા છે.સાતમ-આઠમથી દસથી પંદર દિવસ પહેલા અનેક લોકો આવી જાય છે અને ધાર્મિક ઉજવણી કરે છે. પહેલા વીર પસલી,રક્ષાબંધન, સાતમ-આઠમ,પાટીદાર સમાજના ઈષ્ટદેવ લક્ષ્મી નારાયણ ભગવાનનો પાટોત્સવ કે મંદિરનો જીર્ણોદ્ધાર, ઉમિયા માતાજી, શિવ મંદિર, નિષ્કલંકી નારાયણ ભગવાન, સત્યનારાયણ ભગવાન સહિત ગામમાં આવેલા મંદિરોના પાટોત્સવની ઉજવણી શ્રાવણ માસમાં કરવામાં આવે છે. પરિણામે બૃહદ કચ્છમાં વસતા સમાજના પરિવારો તેમાં હાજરી આપે છે. બૃહદ કચ્છ સ્થાઈ થયેલા કડવા પાટીદાર સમાજની વસ્તી ધરાવતા ગામો. નખત્રાણા તાલુકામાં જ્યાં પાટીદાર સમાજના ગામો વાલકા, પાનેલી, ઘડાણી, રવાપર, નાગવીરી, નવાવાસ, આમારા, રતડીયા, વિગોડી, ઉગેડી, મથલ, ખીરસરા, નાગવીરી, રામપર, નેત્રા, લક્ષ્મીપર, રસલીયા, ખોંભડી, ટોડીયા, કાદિયા નાના-મોટા, જડોદર, કોટડા(જડોદર), વિરાણી મોટી, નખત્રાણા, નાગલપર, અંગીયા નાના, સાંગનારા, વિથોણ, ભડલી, થરાવડા, કોટડા(થરાવડા), આણંદસર(વિથોણ), નિરોણા, કલ્યાણપર, મણિપર, લક્ષ્મીપર, નવીમજલ, દેવપર(યક્ષ), સાંયરા, આણંદપર, મોરગર, પલીવાડ, જીયાપર, માધાપર(મંજલ), મંગવાણા, સુખપર (રોહા), ખીરસરા(રોહા), વેસલપર, કોટડા(રોહા), ભીટારા, રામપર (રોહા),નારણપર(રોહા), વડવા કાયા, વિભાપર,કુરબઈ તેમજ જે ગામમાં પાટીદાર સમાજના લોકો રહે છે તે પોતાના માદરે વતન સાતમ-આઠમની ઉજવણી કરવા આવે છે.

**સામાજીક વ્યવસ્થા**

પાટીદાર સમાજમાં ત્રણ વર્ષ બાદ સમાજ,નવયુવક મંડળ અને મહિલા મંડળના પ્રમુખ તેમજ કારોબારી જુની બદલાવીને નવી વરણી કરવામાં આવે છે.અને સર્વાનુમતે વરણી કરવામાં આવતી હોય છે.સમાજના હિસાબ-કિતાબ,કોઈપણ જાતના ઠરાવ કરવા હોય,નવીન કામો કરવા હોય,રૂપિયાની લેવડ દેવડ,સમાજની ફી (મુંડ વેરો),સાતમ આઠમની ઉજવણી વિસે ચર્ચા તેમજ બીજા કોઈ સમાજમાં કાર્યક્રમો કરવા હોય તો તેની ચર્ચા વિચારણા આ સાતમ-આઠમ પર કરવામા આવે છે.જે લોકો સાતમ-આઠમની ઉજવણી કરવા પોતાના વતન નથી પહોંચતા એ લોકો જયાં સ્થાનિક રહેતા આજુબાજુ વાળા એક સ્થળે ભેગા થઈને કચ્છની જેમજ સાતમ-આઠમની ઉજવણી કરતા હોય છે.આ પાટીદાર સમાજનો મોટામાં મોટો તહેવાર સાતમ-આઠમ હોય છે.અને સમાજ દ્વારા સગપણ અને લગ્ન ક્યારે લેવા ની તારીખ પણ નક્કી કરે છે પાટીદાર સમાજના મુખ્ય તહેવારો પણ શ્રાવણ મહિનામાં જ આવતા હોયછે.અને આ સમાજ સાતમ-આઠમની ઉજવણી ધામધુમથી કરતા હોય છે.

**દેશભરમાં પાટીદારોનો ડંકો**

કચ્છના નખત્રાણા વિસ્તારના કડવા પાટીદાર સમાજના પરિવારો આમતો સમગ્ર દેશમાં પથરાયેલા છે.પરંતુ તેમનો મુખ્ય વસતી મહારાષ્ટ્ર, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, દિલ્હી, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઉતરાંચલથીલઈને છેક જમ્મુ-કાશ્મીર સુધી જોવા મળે છે. વેપાર-ધંધાર્થે દેશભરમાં વસવાટ કરવાની સાથે પ્રગતિના શિખરો સર કરી રહેલા કડવા પાટીદાર સમાજના લોકો મુખ્યત્વે લાકડાના વેપારમાં અનેરી મહારત ધરાવે છે.પરિણામે ટીમ્બર શો-મીલમાં ખુબજ સારી પકડ છે.આ ઉપરાંત હાર્ડવેર, કાંટાળી વાડ,પેપર મિલ,ટેલિફોન કેબલ,ઈલેટ્રીક વાયર તેમજ કેબલ,ટાઈલ્સ,સિમેન્ટના બારી દરવાજા,ખનીજ,સ્ટોન કસર સહિતના વ્યવસાયમાં પણ વિવિધ રાજ્યોમાં કડવા પાટીદારો પોતાનો ડંકો વગાડી રહ્યા છે.દેશમાં તો ઠીક વિદેશમાં પણ ટાઈલ્સના શો રૂમો બનાવીને વ્યવસાય કરી રહ્યા છે.હાલ જ કચ્છના નખત્રાણા તાલુકાના આણંદપર(યક્ષ) ગામના પાટીદારે આફ્રિકામાં ટાઈલ્સનો શો રૂમ બનાવ્યો છે.અને શરૂઆત પણ સારી છે.

**કૌટુંબિક પરંપરા**

આ પાટીદાર સમાજમાં આ વર્ષ(એટલે કે દિવાળી) પછી દીકરીને પરણાવી હોય એ દીકરીને સાતમ-આઠમના તહેવાર નિમિત્તે એક મહિનો અગાઉ માવતર પક્ષ વાળા તેડી આવે છે.બીજા જિલ્લા કે રાજ્યમાં પરણાવેલી હોય તો પણ સાતમ-આઠમ કરવા પોતાના માદરે વતન માવતરના ગામમાં કરે છે.આ નિયમ પાટીદાર સમાજે હજુ પણ જાળવી રાખ્યો છે.સાતમ-આઠમ પુરી થતા જ દીકરીના સાસરા પક્ષ વાળા તેડવા આવે છે.અને જમાડીને મુકે છે.ભારત દેશના ખૂણે-ખૂણે વસતા કચ્છી પાટીદાર સમાજના પરિવારો સાતમ-આઠમના તહેવારને મનાવવા પોતાના માદરે વતન કચ્છ આવી પહોંચે છે.દેશભરમાં પથરાયેલા પરિવારો નું શ્રાવણી તહેવારોમાં થાય છે મિલન વિવિધ રાજ્યોમાં ધંધાર્થે વસવાટ કરતા પાટીદાર સમાજના સાતમ-આઠમ જેવા તહેવાર મનાવવાની સાથે સામાજીક પ્રસંગોમાં હાજરી આપવા અચૂક એટલા માટે આવતો હોય છે કે આ દિવસો દરમ્યાન દક્ષિણ,ઉત્તર અને પૂર્વાતર સહિતના રાજ્યોમાં વસવાટ કરતા તમામ સગા-સંબંધીઓ એક સમયે અને એક સાથે જ પોતાના વતનમાં જ મળવાની તક મળી જતી હોય છે.તો બીજી તરફ દીકરા-દીકરીઓના સબંધ,સામાજીક અને ધાર્મિક કાર્યો સહપરિવાર સાથે ઉત્સાહભેર ઉજવણી કરી શકે.ગામના ચોક કે વથાણ કે બસ સ્ટેશનમાં ગાડીઓ જોવા મળતા ગામની રોનકમાં વધારો જોવા મળતો હોય છે.

**સિયોતમાં શ્રાવણી પર્વની ઉજવણીનો આરંભ**

શ્રાવણી પર્વ સાતમ - આઠમનો તહેવાર આવે એટલે ધંધાર્થે બહાર વસતા કડવા પાટીદાર સમાજના મોટી સંખ્યામાં લોકો પોતાના આ તહેવારની ઉજવણી કરવા માટે અચૂક માદરે વતન આવે છે તેમાં પણ જો વરસાદ સારો પડ્યો હોય તો આ તહેવારની ઉજવણીમાં ચાર ચાંદ લાગી જતા હોય છે ત્યારે તેની વચ્ચે કચ્છના છેવાડાના લખપત તાલુકાના પાટીદાર સમાજની વસ્તી ધરાવતા દયાપર, ઘડુલી, દોલતપર, મેઘપર, સિયોત, નાની વિરાણી,ધારેશી સહિતના ગામોમાં મોટી સંખ્યામાં આ સમાજના લોકોશ્રાવણી પર્વ ઉત્સવની ઉજવણી કરવા માટે આવ્યા હોવાથી સુના પડેલા આ ગામો જાણે ચેતનવંતા બન્યા હોય તેઓ માહોલ પર જાય છે અહીં આવેલા આ સમાજ દ્વારા ગામના મંદિરોના વાર્ષિક પાટોત્સવ, સમાજની મીટીંગો,સરસ્વતી સન્માન સાથે શ્રાવણી પર્વ સાતમ આઠમની ઉજવણી કરવામાં આવશે તાલુકાના છેવાડે આવેલા નાનકડા એવા સિયોત ગામમાં શનિવારે લક્ષ્મીનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવની ઉજવણી સાથે જળયાત્રા સહિતના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા

# હવે ગામતળના દબાણો પણ અધિકૃત થશે

ગાંધીનગર,તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ઈમ્પેક્ટ કાયદાને વધુ લોકાભિમુખ બનાવવા મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા અધિનિયમ ૨૦૨૨ ને વ્યાપક પ્રતિસાદ મળે અને વધુમાં વધુ લોકો આ અધિનિયમનો લાભ મેળવી શકે તેવા જનહિતકારી અભિગમથી મુખ્યમંત્રીએ આ નિર્ણય લીધો છે. મુખ્યમંત્રીએ એવો નિર્ણય કર્યો છે કે, ગામતળ વિસ્તારમાં બિન રહેણાંક બિન અધિકૃત બાંધકામના વપરાશ કરતા લોકોના ૪.૫ એફ. એસ.આઈ. સુધીના બિન અધિકૃત બાંધકામો હવે નિયમિત થઈ શકશે. તો બિન અધિકૃત રહેણાંક માટે ૨૦૦૦ ચો. મીટર સુધીના ખુટતાં પાર્કિંગ માટે અને બિન અધિકૃત બિન રહેણાંક માટે ૧૦૦૦ ચો. મીટર સુધીના ખુટતા પાર્કિંગ માટે ફી લઇને બિન અધિકૃત બાંધકામ નિયમિત કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

અગાઉ ખુટતા પાર્કિંગના ૫૦% જે તે પ્લોટમાં અથવા તો ૫૦૦ મીટરની હદમાં પાર્કિંગની જોગવાઈ કરવી ફરજીયાત હતી, અને બાકીના ૫૦% ખુટતા પાર્કિંગ માટે ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા અધિનિયમ ૨૦૨૨ના જાહેરનામાંથી પાર્કિંગ નિયમિત કરવા માટેની નક્કી કરાયેલી ફી વસુલ લઇને બિન અધિકૃત બાંધકામ નિયમિત કરવાની પ્રવર્તમાન જોગવાઈ હતી.

જયારે હવે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઈમ્પેક્ટ ફી અંગેના કરેલા આ મહત્ત્વપૂર્ણ નિર્ણયો નિયમાનુસારની કાર્યવાહીને અનુસરીને ટુંક સમયમાં અમલી કરાશે. જે અંતર્ગત ગામતળ વિસ્તારમાં બિન રહેણાંક બિન અધિકૃત બાંધકામ વપરાશ કરતા લોકોને ૪.૫ એફએસઆઈ સુધીના બાંધકામ નિયમિત થઈ શકશે. જયારે બિન અધિકૃત રહેણાંક માટે ૨ હજાર ચો મી ખુટતા પાર્કિંગ માટે નિયમિત કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

બિન અધિકૃત બિન રહેણાંત માટે ૧ હજાર ચો મી સુધી ખુટતા પાર્કિંગ માટે ફી લઈ બિન અધિકૃત બાંધકામ નિયમિત થઈ શકશે. પહેલા શહેરી વિસ્તાર માટે સરકારે આ જોગવાઈઓ કરી હતી હવે ગામતળ વિસ્તારમાં લાભ મળશે. ઈમપેક્ટ ફી ના નિયમો હળવા કર્યા બાદ અનેક લોકોએ બિન અધિકૃત બાંધકામ કરવા માટે અરજી કરી હતી જે વચ્ચે સરકારે હવે ગામતળ માટે આમ કર્યુ

# લખપતના માલધારીની 'ઓઢણ' ભેંસ ૭.૧૧ લાખમાં વહેંચાઈ



ભુજ તા.૨૪

કચ્છના પશુઓનુ ઉંચી કિંમતે વહેંચાણ થયુ હોય તે કોઇ નવી વાત નથી અગાઉ કચ્છની બન્ની નસલની ભેંસો એક લાખથી પાંચ લાખ સુધી વહેંચાઇ હોવાના કિસ્સાઓ બન્યા છે. તો કેટલાક કિસ્સામાં તેના કરતા પણ ઉંચી કિંમતે ગાય-ભેંસના વહેંચાણના દાખલા છે ત્યારે હવે લખપત તાલુકામાં વર્માનગર પાસે આવેલ સોનલનગરના પશુ પાલકની 'ઓઢણ' નામની ભેંસ રૂ. ૭ .૧૧ લાખ ની ઊંચી કિંમતમાં વેચાઈ હોવાનો કિસ્સો હાલ ચર્ચામાં છે. પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા સોનલનગરના રહેવાસી મંગલદાન હરદાન ગઢવીની માલિકીની ઉંચી નસલ ધરાવતી ઓઢણ નામની ભેંસ ચંદ્રાલા (ગાંધીનગર) ના પશુપાલક ગોવા રબારી તેમજ લાલા રબારીએ ખરીદી હતી. આ વિસ્તારના માલધારીઓના જણાવ્યા મુજબ સામાન્ય રીતે ત્રણથી ચાર લાખ જેટલી ભેંસોની કિંમત આપવામાં આવે છે પરંતુ આટલી ઉંચી વિક્રમી કિંમતમાં આ વિસ્તારની ભેંસ વેચાઈ હોય તેવો સંભવત પ્રથમ કિસ્સો છે.

# પીએમની વર્ચ્યુઅલ હાજરીમાં લખપતિ દીદી કાર્યક્રમ યોજાશે

ભુજ તા.૨૪

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત સ્વસહાય જૂથો ની મહિલાઓને વિવિધ સહાયનું વિતરણ કરવાનો એક કાર્યક્રમ યોજાશે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં આગામી તારીખ ૨૫ ઓગસ્ટ ના ભુજ ટાઉન હોલ ખાતે સવારે ૧૧ કલાકે લખપતિ દીદી કાર્યક્રમ યોજાશે.આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત સ્વસહાય જૂથો/સખી મંડળને વિવિધ સહાયનું વિતરણ કરાશે. ભુજ ટઉનહોલમાં યોજાનારા કાર્યક્રમમાં લખપતિ દીદીને સર્ટિફિકેટ વિતરણ, સ્વસહાય જૂથો ને રિવોલ્વીંગ ફંડ, ગ્રામ સંગઠનને સ્ટાર્ટઅપ ફંડ અને તથા કલસ્ટર લેવલ ફેડરેશનને કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ ફાળવણીના મંજૂરી પત્રો તથા કેશ ક્રેડિટ લોનના ચેકોનું વિતરણ કરવામાં આવશે. વડાપ્રધાન લાડલી યોજના અતર્ગત આયોજીત કાર્યક્રમમાં વર્ચુઅલી જોડાઇ પ્રેરક ઉદબોધન આપશે જેને લઈને દેશના જે જે સ્થળોએ કાર્યક્રમો આયોજીત થશે તેની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે.

# ભુજમાં કચ્છના સ્વ. મહારાવને શ્રદ્ધા સુમન અર્પણ કરાયા



ભુજ તા.૨૪

ભુજ નગરપાલિકા દ્વારા કચ્છના મહારાવ સ્વ. ખેંગારજી બાવાની જન્મ જયંતિ નિમીતે તેમની પ્રતિમાને હારારોપણ કરવામાં આવ્યું હતું.ગઈ કાલ તા.૨૩ ના કચ્છના મહારાવ સ્વ.ખેંગારજી બાવાની જન્મજયંતિ નિમિત્તે ભુજના નગરજનો વતી નગરપાલિકાના પ્રમુખ રશ્મિબેન ડી.સોલંકી દ્વારા ખેંગારપાર્ક ખાતે આવેલ તેમની પ્રતિમાને હારારોપણ કરીને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે કચ્છ જીલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ ગોદાવરીબેન ઠક્કર અને મહારાવશ્રીના પરિવાર વતી મ.કુ.હનવંતસિંહજી, યુવરાજ પ્રતાપસિંહજી, અનિરુધ્ધસિંહજી, મેઘદીપ સિંહજી, શાલિનીકુમારી અને ત્રીશુલા કુમારી તથા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.



**પૂર્વ મહેસુલ મંત્રી સ્વ.પ્રેમજી ભવાનજી ઠક્કરની જન્મ જયંતિ નિમીતે ભુજના નગરજનો વતી નગરપાલિકાના પ્રમુખ શ્રી રશ્મિબેન સોલંકી દ્વારા રાજેન્દ્ર બાગ સામે આવેલ તેમની પ્રતિમાને હારારોપણ કરી શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવેલ આ પ્રસંગે નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.**

# સૌરભ ભારદ્વાજે દિલ્હી એલજી પર 'જૂઠું બોલવાનો' આરોપ લગાવ્યો

નવી દિલ્હી, તા.૨૪

દિલ્હીના આરોગ્ય મંત્રી સૌરભ ભારદ્વાજે શુક્રવારે લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાને ઓપન ફોરમ ચર્ચા માટે આમંત્રણ આપ્યું હતું. મંત્રી સૌરભ ભારદ્વાજનું કહેવું છે કે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય સક્સેનાએ એક પ્રેસ નોટ જારી કરીને કહ્યું કે દિલ્હી સરકાર હાલમાં વિવિધ હોસ્પિટલોમાં બેડની સંખ્યા વધારવા અને અન્ય સુવિધાઓ વધારવા માટે કામ કરી રહી છે. લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા બહાર પાડવામાં આવેલી યાદી મુજબ, લગભગ ૧૩ હોસ્પિટલોમાં નવા બ્લોક બનાવવાનું કામ કરવામાં આવી રહ્યું છે, ચાર નવી જગ્યાઓ પર નવી હોસ્પિટલો બનાવવાનું કામ ચાલી રહ્યું છે અને હાલમાં કાર્યરત સાત હોસ્પિટલોને કેટલાક ફેરફારો કરીનેંઝે હોસ્પિટલોમાં રૂપ ંતરિત કરવામાં આવી રહી છે. કામ ચાલુ છે.લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા આ પ્રેસનોટ દ્વારા દિલ્હી સરકાર પર ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં તેમણે કહ્યું હતુ કે જ્યારે હોસ્પિટલોમાં સ્ટાફ કે ડોક્ટરો ઉપલબ્ધ નથી ત્યારે આ તમામ હોસ્પિટલોનો શું ઉપયોગ છે, મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યુ કે સાચું છે. અર્થમાં, આપણે આ પ્રશ્ન લેફ્ટનન્ટ ગવર્નરને પૂછવો જોઈએ. તે જાહેર હિતમાં છે કે હોસ્પિટલોમાં ડોકટરો અને અન્ય સહાયક સ્ટાફની નિમણૂક કરવાનો અધિકાર લેફ્ટનન્ટ ગવર્નર હેઠળના સેવા વિભાગ પાસે છે.તેમણે કહ્યું કે જો હોસ્પિટલોમાં ડોકટરો અને અન્ય સ્ટાફની અછત છે, તો તેની જવાબદારી સીધી ઉપરાજ્યપાલ પર આવે છે. દિલ્હી સરકારનું કામ, હોસ્પિટલો બનાવવાનું અને હોસ્પિટલોમાં સુવિધાઓ પૂરી પાડવાનું, તે તમામ કામ દિલ્હી સરકાર ખૂબ સારી રીતે કરી રહી છે. પરંતુ હોસ્પિટલોમાં ડોકટરો અને અન્ય સહાયક સ્ટાફની નિમણૂક કરવાનું કામ સીધી રીતે લેફ્ટનન્ટ ગવર્નર અને તેમના હેઠળના સેવા વિભાગની જવાબદારી છે.

# લાયસન્સ અને પરમિટ મેળવવાની પ્રક્રિયા શરૂ કરવા ગેમ ઝોનનું સીલ ખોલો: હાઈકોર્ટ

અમદાવાદ,તા.૨૪

ગુજરાત હાઈકોર્ટે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (એસએમસી) ને ગેમિંગ ઝોન સુવિધા – લેટ્સ જમ્પ ટ્રેમ્પોલિન એન્ડ એડવેન્ચર પ્રાઈવેટ લિમિટેડ ની સીલ ખોલવાનો આદેશ આપ્યો છે, જેથી તે લાયસન્સ અને પરમિટ મેળવવા માટેની પ્રક્રિયા શરૂ કરી શકે. કાયદો અને નવા રજૂ કરાયેલા નિયમો મુજબ કામ કરી શકે. જસ્ટિસ સંગીતા વિશેન અથવા ઓપરેટરોને આ અંગે બાંયધરી આપવાનું કહેવામાં આવ્યું છે અને હાઈકોર્ટે આગામી સુનાવણી ૨૯ ઑગસ્ટ પર રાખી છે. રાજકોટ ટીઆરપી ગેમ ઝોનમાં ૨૫મી મેના રોજ લાગેલી આગ બાદ, હાઈકોર્ટ ની ડિવિઝન બેન્ચે આગામી આદેશ સુધી રાજ્યભરમાં આવી તમામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂક્યો હતો. નવા નિયમો હેઠળ જરૂરી લાયસન્સ ન મળે ત્યાં સુધી ગેમિંગ ઝોનને ઓપરેટ ન કરવા આદેશ આપ્યો હતો.

અરજદારના એડવોકેટ અમિત ઠક્કરે હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે ડિવિઝન બેન્ચે તેના પ્રતિબંધના આદેશમાં ફેરફાર કરવાનો ઈનકાર કર્યો હતો. જો કે, તે જ સમયે, જો સત્તાવાળાઓને ખાતરી થાય કે ગેમિંગ સુવિધા તમામ સલામતીનાં પગલાંથી સજ્જ છે અને તેની પાસે પર્યાપ્ત પરમિટ છે, તો તેને ચલાવવાની પરવાનગી આપવામાં આવી શકે છે.

એસએમસીના એડવોકેટ કૌશલ પંડ્યાએ રજૂઆત કરી હતી કે વૈધાનિક લાઈસન્સ વિના ગેમિંગ ઝોનને ચલાવવાની મંજૂરી આપી શકાતી નથી. જીસ્ઝ લાયસન્સ મેળવવા માટેની પ્રક્રિયા હાથ ધરવાના મર્યાદિત હેતુ માટે સીલ ખોલવા માટે સંમત થયું.

# એસસી એસટી એક્ટ દરેક કેસમાં લાગુ નહીં : સુપ્રીમ

**સુપ્રીમ કોર્ટે કહ્યું કે છે કે જો કોઈ અનુસૂચિત જાતિ-જનજાતિના વ્યક્તિનું તેની જાતિનો ઉલ્લેખ કર્યા વિના અપમાન કરવામાં આવે છે, તો આ કેસ એસસી/એસટી (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ હેઠળ ગુનો ગણાશે નહીં.એક કિસ્સામાં આગોતરા જામીન આપતાં આ વાત કહી**

નવીદિલ્હી,તા.૨૪

સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો કોઈ અનુસૂચિત જાતિ-જનજાતિના વ્યક્તિનું તેની જાતિનો ઉલ્લેખ કર્યા વિના અપમાન કરવામાં આવે છે, તો આ કેસ એસસી/એસટી (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯ હેઠળ ગુનો ગણાશે નહીં. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે એક ઓનલાઈન મલયાલમ ન્યૂઝ ચેનલના એડિટર શાજન સ્કારિયાને આગોતરા જામીન આપતાં આ નિર્ણય આપ્યો હતો. ૧૯૮૯ એક્ટની કલમ ૩(૧)(ઇ) અને ૩(૧) હેઠળ સ્કારિયા વિરુદ્ધ કેસ નોંધાયો હતો. તેમના પર આરોપ હતો કે તેમણે એસસી સમુદાયમાંથી આવતા કુન્નાથુનાડના સીપીએમ ધારાસભ્ય પીવી શ્રીનિજનને માફિયા ડોન કહ્યા હતા. આ કેસમાં ટ્રાયલ કોર્ટ અને કેરળ હાઈકોર્ટે તેમને ધરપકડ પહેલા જામીન આપવાનો ઈક્રાર કરી દીધો હતો. આરોપી સ્કારિયા વતી એડવોકેટ સિદ્ધાર્થ લુથરા અને ગૌરવ અગ્રવાલે દલીલો રજૂ કરી હતી. આને સ્વીકારતા સુપ્રીમ કોર્ટે કહ્યું- SC/ST સમુદાયના કોઇ સભ્યનું ઈરાદાપૂર્વક કરવામાં આવેલું દરેક અપમાન અને તેમને આપવામાં આવેલી ધમકી જાતિ આધારિત અપમાન ગણવામાં આવશે નહીં.

અમને એવું કંઈ મળ્યું નથી જે સાબિત કરે કે સ્કારિયાએ યુટ્યુબ વીડિયોમાં એસસી એસટી સમુદાય વિરુદ્ધ દુશ્મનાવટ અથવા નફરતને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કર્યો હોય. વીડિયોનો SC કે ST સભ્યો સાથે કોઈ લેવાદેવા નથી. તેમના નિશાને માત્ર ફરિયાદી (શ્રીનિજન) જ હતા. ૭૦ પાનાનો ચુકાદો લખતાં જસ્ટિસ પારડીવાલાએ કહ્યું હતું કે ઈરાદાપૂર્વક અપમાન અથવા ધાકધમકી ફક્ત એવા કિસ્સાઓમાં જ કરવામાં આવે છે જે અસ્પૃશ્યતાની પ્રથા અથવા ઉચ્ચ જાતિઓના નીચલી જાતિ/ અસ્પૃશ્યો પર તેમની શ્રેષ્ઠતા સાબિત કરવા માટે હોય છે. આને ૧૯૮૯ના કાયદા હેઠળ અપમાન અથવા ધમકીઓ કહી શકાય.

બેન્ચે કહ્યું કે અપમાન કરવાનો ઈરાદો એ જ છે, જે ઘણા વિદ્વાનોએ હાંસિયામાં ધકેલાઈ ગયેલી જાતિઓ માટે ગણાવ્યો છે. તે કોઈ સામાન્ય અપમાન અથવા ધમકી નથી જે અપમાન સમાન છે અને જેને ૧૯૮૯ના કાયદા હેઠળ સજાપાત્ર બનાવવાની માગ કરવામાં આવી છે.

## જગતમંદિરને કલાત્મક લાઈટીંગથી સુશોભિત કરવામાં આવ્યું છે

# દ્વારકામાં ભગવાન કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય તૈયારીઓ

ખંભાળિયા, તા.૨૪

યાત્રાધામ દ્વારકામાં શ્રાવણ વદ આઠમે, ૨૬મી ઓગસ્ટ ને સોમવારે ભગવાન શ્રીકૃષ્ણના ૫૨૫૧મા જન્મોત્સવને મનાવવા તંત્ર દ્વારા ચાલતી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ભાવિકોમાં પણ ઠાકોરજીના જન્મોત્સવને મનાવવા અનેરા ઉત્સાહ સાથે ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે. વળી, યાત્રિકોના ધસારાને પહોંચી વળવા રેલવેએ સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો પણ નિર્ણય કર્યો છે.

જન્માષ્ટમી પર્વે લાખો ભાવિકો ભગવાન કૃષ્ણના દર્શન માટે દ્વારકા ઉમટતા હોય છે. આથી રેલવે વિભાગ દ્વારા યાત્રીકોના ઘસારાને પહોંચી વળવા જન્માષ્ટમી સ્પેશ્યલ ટ્રેઈનો પણ દોડાવવામાં આવનાર છે. ઉપરાંત એસ.ટી. વિભાગ દ્વારા ચોક્કસ રૂટો પર વધારાની બસો દોડાવવામાં આવનાર છે. દ્વારકા જગત મંદિરમાં જન્માષ્ટમી પર્વની ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જગતમંદિરને કલાત્મક લાઈટીંગથી સુશોભિત કરવામાં આવ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ રીયાલન્સના સહયોગથી મુંબઈના જેમીની ગૃપ દ્વારા જગતમંદિરને સુશોભિત કરાયું છે. રાજ્ય સરકારના સાંસ્કૃતિક વિભાગ દ્વારા તા.૨૬મીએ રાત્રે ૮.૦૦ કલાક થી પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાની અધ્યક્ષતામાં દ્વારકા ઉત્સવ ૨૦૨૪ નામનો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાનાર છે. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં નામાંકિત કલાકારો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવશે.

# મદરેસામાં મૌલવી છોકરીઓના પ્રાઈવેટ પાર્ટને સ્પર્શ કરતો હતો, ૫ છોકરીઓ પર બળાત્કારનો ખુલાસો

કોલકાતા, બદલાપુર, મુંબઈ, કોલ્હાપુર, તમિલનાડુ બાદ રૂદ્રપુરમાં ૫ છોકરીઓ પર બળાત્કાર થયો છે. મદરેસામાં ભણાવતા એક મૌલવીનું શરમજનક કૃત્ય સામે આવ્યું છે, જે છોકરીઓને જીનની વાર્તાઓ સંભળાવીને ડરાવતો હતો અને ડરેલી છોકરીઓ સાથે ખોટું કામ કરતો હતો. તેમની સાથે બળાત્કાર કરતો હતો. તેણે તેમને અશ્લીલ વીડિયો પણ બતાવ્યો. મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે એક છોકરીએ ઘરે જઈને તેના પરિવારને મૌલવીની હરકતો વિશે જણાવ્યું. બાળકીની માતાએ આરોપી મૌલવી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ભ્દ્રજી ની કલમ ૩૫૧(૩) (મૃત્યુ અથવા ગંભીર ઈજા પહોંચાડવાની ધમકી આપીને ગુનાહિત ધમકી) અને ૭૪ (તેની નમ્રતા ભડકાવવાના ઈરાદા સાથે મહિલા પર હુમલો અથવા ફોજદારી બળ) અને પોસ્કો એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે નોંધાયેલ. આરોપી મૌલવી શબ્બીર રાજાની પણ ધરપકડ કરવામાં આવી છે.

# 'જો લોકો ૪૮ કલાક આપશે તો અમે આખા મહારાષ્ટ્રને સાફ કરી દઈશું'

મુંબઈ, તા.૨૪

રાજ ઠાકરેએ મહારાષ્ટ્રની કાયદો અને વ્યવસ્થા પર સવાલો ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે રાજ્યમાં કાયદાનો ડર નથી. હું આ માટે પોલીસને જવાબદાર ગણતો નથી. તેમના પર સરકારનું દબાણ છે. મહારાષ્ટ્રની સત્તા રાજ ઠાકરેના હાથમાં આપો, હું બતાવીશ કે સરકાર કેવી રીતે ચાલે છે. પોતાના તીક્ષ્ણ નિવેદનોને કારણે ચર્ચામાં રહેનાર મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ મહારાષ્ટ્રની કાયદો અને વ્યવસ્થા પર સવાલો ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે મહારાષ્ટ્રમાં કાયદાનો કોઈ ડર નથી અને હું આ માટે પોલીસને જવાબદાર ગણતો નથી. તેમણે દાવો કર્યો કે જો જનતા ૪૮ કલાક આપે તો તે આખા મહારાષ્ટ્રને સાફ કરી દેશે.વાસ્તવમાં, રાજ ઠાકરે એક કાર્યક્રમમાં પહોંચ્યા હતા, જ્યાં તેમણે પોતાના સમર્થકોને સંબોધતા કહ્યું કે મહારાષ્ટ્રમાં કાયદાનો કોઈ ડર નથી. હું આ માટે પોલીસને જવાબદાર ગણતો નથી. તેમના પર સરકારનું દબાણ છે. પોલીસના હાથમાં લાઠીચાર્જ કે કોઈ પણ પરિસ્થિતિને કાબૂમાં લેવાનું કંઈ જ નથી... તમને લાગશે કે રાજ ઠાકરે કંઈ પણ કહી રહ્યાં છે, પણ એવું નથી. હું તમને આ ખૂબ જ ગંભીરતાથી કહું છું. મહારાષ્ટ્રની સત્તા રાજ ઠાકરેના હાથમાં આપો, હું બતાવીશ કે સરકાર કેવી રીતે ચાલે છે.તેણે દાવો કર્યો કે તે તમને બતાવશે કે કાયદાના ડરનો અર્થ શું થાય છે. તો પછી આ મહારાષ્ટ્રમાં કોઈ સ્ત્રીને ગંદી નજરે જોવાની હિંમત નહીં કરે...મને પોલીસમાં વિશ્વાસ છે.

## સંક્ષિપ્ત સમાચાર

# તાલુકા શ્રેષ્ઠ શિક્ષક એવાર્ડ માટે સલાયા પ્રા.શાળાના આચાર્યની પસંદગી

માંડવી તા.૨૩

૨૦૨૪/૨૫ ના વર્ષ માટે માંડવીની સલાયા પ્રાથમિક શાળા નંબર-૩ના આચાર્ય આબિદહુસેન કાસમ સુમરા ની પસંદગી થયેલ છે.



સતત મહેનત, અને પોતાની શાળા અને બાળકો માટે હંમેશા શ્રેષ્ઠ પ્રયત્ન કરી, લક્ષ્ય હાંસલ કરવાની પ્રબળ ઘેલછાથી કરેલ પ્રયાસોથી તાલુકા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક તરીકે એવોર્ડ મેળવીને તેમણે તાલુકાનું ગૌરવ વધાર્યું છે, શ્રી સુમરાએ દિલ્હી ખાતે ૧૦ દિવસ સુધી ધોરણ ૧ અને ૨ ના વાંચન-લેખન અને ગણન અંગેના બુકલેટ અનુવાદ સંપાદિત કરવામાં કાર્ય કરેલ હતું, તેમણે વેકેશનમાં પણ શાળા ચાલુ રાખીને કાર્ય કરેલ છે. બાળકોના આરોગ્ય માટે દાતા દ્વારા શાળામાં ફિલ્ટર પ્લાન્ટ પણ લગાવેલ છે. શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવવા બદલ તા. પ્રા.શિક્ષણાધિકારી કમલેશ ખટારીયા, તાલુકા શિક્ષક સમાજના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા, ગ્રુપ શાળાના આચાર્ય,જિલ્લા કેળવણી નિરીક્ષક કાસમ નોડે, ભરત મહેતા, અને મોસમીબેન જોશી, દિનેશ શાહ વગેરે એ અભિનંદન પાઠવ્યા હતા.

# મેરાઉ શાળાના આચાર્યની તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ માટે પસંદગી

માંડવી તા.૨૩



૨૦૨૪/૨૫ ના વર્ષ માટે માંડવી તાલુકાની મેરાઉ વાડી વિસ્તાર શાળા નં.-૨ ના આચાર્ય જાડેજા મંછાબા જયેન્દ્રસિંહની પસંદગી થયેલ છે, છેલ્લા ૧૭ વર્ષથી મંછાબા જાડેજા મેરાઉ વાડી વિસ્તાર શાળામાં શ્રેષ્ઠ કામગીરી કરી રહ્યા છે. કન્યા કેળવણી ક્ષેત્રે સુંદર કામગીરી કરતા મંછાબા શૈક્ષણિક ઈનોવેશન ફેરમાં જિલ્લામાં પસંદગી પામીને ઝોન કક્ષાએ કામગીરી કરેલ છે. તેમણે તાલુકામાં માસ્ટર ટ્રેનર તરીકે વિવિધ તાલીમ આપેલ છે, અને શાળાનું શૈક્ષણિક સ્તર સુધારી ગુણોત્સવના ગ્રેડમાં પણ સુધારો કરેલ છે. કન્યા કેળવણી,નારી શક્તિ અંતર્ગત વિવિધ સેમીનારમાં આ શાળાની કન્યાઓ સતત ત્રણ વર્ષથી ભાગ લે છે, દાતાઓનો સહયોગ મેળવીને બાલવાટિકા, અને ધોરણ ૧ અને ૨ના બાળકો માટે શાળામાં પ્રવાસી શિક્ષકની નિમણૂંક કરેલ છે. ૧ થી ૫ ધોરણની આ શાળામાં એક માત્ર મંછાબા જાડેજા બધી કામગીરી કરી રહ્યાં છે,ભૌતિક સુવિધાઓ અંતર્ગત દાતાઓના સહકારથી કન્યાઓ માટે સેનિટેશન,પાણીનો ટાંકો, મોટર તેમજ વિદ્યાર્થીઓને ગણવેશ અપાવી રહ્યાં છે. ઓન લાઈન અને ઓફલાઈન ૧૦૦થી વધારે તાલીમ તથા ધોરણ ૧ અને ૨ ના બાળકો માટે ભુજ ડાયટ રિસોર્સ રૂમ અંતર્ગત રમકડાં બનાવવાનો મોકો મળેલ છે. તાલુકા પ્રા.શિક્ષણાધિકારી કમલેશ ખટારીયા, જિલ્લા કેળવણી નિરીક્ષકો મૌસમીબેન જોશી, કાસમ નોડે અને ભરત મહેતા, શિરવા ગ્રુપ શાળાના આચાર્ય ખેતશી ગઢવી અને સી.આર.સી. કાસમ કુંભારે મંછાબાને અભિનંદન પાઠવ્યાં હતાં, તેમણે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવી માંડવી તાલુકાનું ગૌરવ વધારેલ હોવાનું માંડવીના દિનેશ શાહે જણાવ્યું હતું.

# મુન્દ્રામાં સિદ્ધિ તપની ઉગ્ર તપસ્યા



મુન્દ્રા તા.૨૪

અહીંના તપગરછ જૈન સંઘ ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય ખાતે ચાતુર્માસ બિરાજતા પન્યાસ શ્રીમુક્તિ શ્રમણવિજયજી મ.સા. તથા મુનિરાજ મુક્તિચરણ વિજયજી મ.સા.ની નિશ્રામાં લોડાઈના હાલે મુન્દ્રા જીનલબેન વિમલ મહેતાએ સિદ્ધિ તપની ઉગ્ર તપસ્યા આદરી છે. આ સિદ્ધિ તપ માં કુલ ૩૬ ઉપવાસ તથા આઠ બિયાસણા આવે છે, જૈનોના આ કઠિન ઉપવાસમાં માત્ર સવારથી સાંજ સુધી માત્ર ઉકાળેલું પાણી જ પીવાનું હોય છે, મહેતા શાંતાબેન ધારશીની પૌત્રી જીનલે જણાવ્યું હતું કે ઘણા ટાઈમથી સિદ્ધિ તપ કરવાની ભાવના હતી જે ગુરુદેવના આશીર્વાદ તથા પરિવારના સહયોગથી આગળ વધી રહી છું જેમના પારણા તા.૦૯/૦૯ ના યોજાશે આ અગાઉ સંઘમાં નિશાબેનના ૨૧ ઉપવાસ તથા મોસ્મીબેનના ૧૬ ઉપવાસ પૂર્ણ થઈ ગયા છે. અહીં આવતા પ્રયુષણની ભારે રંગેચંગે ઉજવણી કરવામાં આવશે એવું તપગરછ જૈન સંઘના પ્રમુખ હરેશ મહેતા તથા સહમંત્રી વિનોદ મહેતાએ જણાવ્યું હતું.

# ભીમાસર રાજપુત ક્ષત્રિય સમાજના આગેવાનના નિધનથી શોક

રાપર તા.૨૪



રાપર તાલુકાના ભીમાસરના રાજપુત ક્ષત્રિય સમાજના વડીલ અને સામાજિક, ધાર્મિક બાબતોમાં હંમેશા અગ્રેસર રહેતા બાબુજી માદેવાજી પરમારના નિધનથી ગામમાં શોકનું મોજું ફળી વળ્યું હતું જેમણે જીવનમાં ધાર્મિક બાબતે હંમેશા દાન પુણ્ય અને અનેક મંદિરોના પુનરોદ્ધાર અને જીણોદ્ધાર તેમજ ભીમાસરના ચત્રભૂજ ભગવાનના મંદિર બનાવવામાં અથાગ પ્રયત્નો કરેલા તેમજ વર્ણેશ્વર દાદા મંદિર વરણું અને મેડકબેટ ખાતે આવેલ વર્ણેશ્વરદાદાની જગ્યામાં દરેક બાબતે વર્ષોથી તેમનો અને તેમના પરિવારનો સિંહ ફાળો રહ્યો છે.વાગડ રાજપુત ક્ષત્રિય સમાજમાં સામજિક બાબતે પણ અનેક વર્ષો સુધી સમાજમાં સેવાઓ આપી અને ભીમાસરમાં કોઈ પણ બાબત હોય તેમાં સમાજ સાથે અડગ ઊભા રહીને સમાજ સેવા કરી છે તેમના નિધનથી ભીમાસર ગામને અને વાગડ રાજપુત ક્ષત્રિય સમાજને ક્યારેય ન પૂરાય એવી ખોટ પડી છે તેમની સ્મશાન યાત્રા શનિવારે એ નીકળી હતી જેમાં ગામમાંથી અને વાગડ રાજપુત ક્ષત્રિય સમાજના અગ્રણીઓ અને અન્ય વાગડમાંથી અન્ય સમાજના અગ્રણીઓ જોડાયા હતા.

### સંસ્કૃત, હિન્દી કેન્દ્રનો કરાયો પ્રારંભ

# લખપત હાટકેશ્વર મંદિરે શ્રાવણ માસ નિમિતે ધાર્મિક કાર્યક્રમ યોજાયા



ભુજ તા.૨૪

ભુજના હાટકેશ સેવા મંડળ દ્વારા શ્રાવણ માસ પ્રસંગે લખપત ખાતે આવેલ હાટકેશ્વર મંદિરે, શિવ મહિમ્ન પઠન, રુદ્રી, અભિષેક, આરતી થાળ, સન્માન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ભુજના મુકેશ ધોળકિયા, મયંક અંતાણી, જયશ્રીબેન હાથી, હંસાબેન વૈષ્ણવ, ભરત ભટ્ટના વડપપણ હેઠળ આ પ્રસંગે મંદિરના પૂજારી વિનોદગીરીનું સન્માન કરાયું હતું, સોહિણીબેન હાથીએ મંદિરના પૂજારીને રોકડ પુરસ્કાર આપીને વિશેષ સન્માન કર્યું હતું. સંસ્કૃત દિનની ઉજવણીના ભાગરૂપે ભુજના સ્વામિનારાયણ મંદિરના સંત ડો. સત્યપ્રસાદદાસજી સ્વામી અને સ્વામી વ્રજ જીવનદાસજી અને લખપત પ્રાથમિક ગ્રુપ શાળાના આચાર્ય જેસલ વાઢીયાની ઉપસ્થિતિમાં શાળામાં દેવભાષાનું કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું હતું, ગ્રુપ શાળાના આચાર્ય વાઢીયા, શિક્ષક અંકિત કુમાર સોલંકી અને કાનેર પ્રાથમિક શાળાના બીજલબેન પટેલ અને દેવાંગીબેન પરમારની હાજરીમાં કેન્દ્ર માટે પુસ્તકો ભેટ અપાયા હતા.

આ પ્રસંગે બકુલાબેન શુક્લ, ભરત ભટ્ટ, હેમાંશુ અંતાણી, ભારતીબેન અંતાણી વગેરે હાજર રહ્યા હતા, જ્યારે પ્રબોધ મુનવર અને લીલાધર ભીંડે દ્વારા આ કાર્યમાં સહકાર મળ્યો હતો, વ્યવસ્થા કલ્પનાબેન વોરા, મીનાબેન વૈષ્ણવ, પારુલબેન બુચ, મીનાક્ષીબેન ખત્રીએ સંભાળી હતી. કચ્છ જિલ્લો સરહદી વિસ્તાર છે અને ત્યાં દેવ ભાષાનું કેન્દ્ર શરૂ થતા ડો. સ્વામીજીએ આનંદની લાગણી કરી હતી, સંચાલન વિભાકર અંતાણીએ જ્યારે આભાર વિધિ હસમુખ વોરાએ કરી હોવાનું આશિષ વૈદ્યે જણાવ્યું હતું.

# માંડવીની માનવ કલ્યાણ સોસાયટી ને દાનનો ચેક અર્પણ



માંડવી તા.૨૩

સ્વ. દીપ શાહના સ્મરણાર્થે અને આત્મશ્રેયાર્થે તેમના પરિવાર તરફથી માંડવીમાં ૩૨ વર્ષથી કાર્યરત સંસ્થા અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટી ને સ્વ.દીપ શાહ ની કાયમી તિથિ માટે દાનનો ચેક તેના પિતા દિનેશ મણિલાલ શાહ, સંસ્થાના પ્રમુખ શાંતિલાલ ગણાત્રા, ખજાનચી પ્રતાપ ચોથાણી, સહમંત્રી સુલતાન મીર અને ટ્રસ્ટી કમલેશ પાઠકને અર્પણ કરતા નજરે પડે છે.

# નખત્રાણા મોટા અંગીયા ગ્રામ પંચાયત દ્વારા ચેસ સેમિનાર યોજાયો



આણંદપર(યક્ષ)તા.૨૨

નખત્રાણા તાલુકાના મોટા અંગીયા ગ્રામ પંચાયત દ્વારા દ્વિતીય યુવા ઉત્સવ વેકેશન કેમ્પ માં ચેસ (શતરંજ ) શીખવા માટેનુ આયોજન કરવામા આવ્યુ હતુ કચ્છ પોલીસમાં ફરજ બજાવતા અને કચ્છ સ્તરે ચેસની રુચિ ઉભી કરી ખેલાડીઓને પ્રોત્સાહિત કરતા એવા ભુજના સંજય દાવડાએ બાળકોને ચેસ રમત માટે માર્ગદર્શન સાથે તેના ફાયદાઓ પણ જણાવ્યા હતાં મોટા અંગીયાના ઈન્ચાર્જ સરપંચ ઈકબાલ ઘાંચીએ બાળકોને ચેસ રમવાના ફાયદાઓ જણાવ્યા હતા આ સેમિનારમાં ૪૦ જેટલાં વિદ્યાર્થીઓએ ચેસ રમત માટે માર્ગદર્શન લીધું સાથે ટ્રેનર સંજયભાઈ દ્વારા આત્મવિશ્વાસ, જ્ઞાન,જેવા વિષયો ઉપર માર્ગદર્શન આપ્યું હતું અને જિલ્લા સ્તરની ચેસ સ્પર્ધામાં બાળકોને ભાગ લેવા અંગેનું માર્ગદર્શન આપ્યું હતું. પંચાયત દ્વારા મહેમાનનુ સન્માન કરાયુ હતુ

## શિક્ષણકુંજ દ્વારા રાજ્યકક્ષાનો ઓનલાઈન વર્કશોપ યોજાયો

**આણંદપર(યક્ષ) :** શિક્ષણકુંજના સંચાલકો દિનેશ ચૌહાણ,નરેન્દ્ર કાલરિયા અને રાજેશ ડાભી દ્વારા ગૂગલ મીટના માધ્યમથી રાજ્યકક્ષાનો ઑનલાઈન ટી.એલ.એમ.રમકડાં અને પપેટ નિર્માણ વર્કશોપ યોજાયો હતો.આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ગજેન્દ્રકુમાર જોશી (નિયામક આદર્શ વિદ્યાસંકુલ પાલનપુર, જિ. બનાસકાંઠા) અને મુખ્ય અતિથિ ડૉ. નિશાત બાબી (સિનિયર લેક્ચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-રાજકોટ) ઑનલાઈન ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને અનુરૂપ પ્રવચન આપ્યું હતું.આ વર્કશોપમાં ડી.ડી. ન્યૂઝ ચેનલના મોરબી જિલ્લાના પ્રતિનિધિ મહેન્દ્રસિંહ જાડેજા ઑનલાઈન ઉપસ્થિત રહ્યાં હતાં અને કાર્યક્રમને અનુરૂપ પ્રેરક પ્રવચન આપ્યું હતું.આ વર્કશોપમાં તજ્જ્ઞ તરીકે જિનેશા શાહ, આરીફ પીરજાદા,રેખા કશ્યપ અને દમયંતી પટેલ ઑનલાઈન ઉપસ્થિત રહ્યાં હતા અને ટી.એલ.એમ.રમકડાં અને પપેટનું નિર્માણ કરતાં શીખવ્યું હતું અને માર્ગદર્શન આપ્યું હતું.કાર્યક્રમના અંતે ભાગ લેનાર તમામ શિક્ષકોને આકર્ષક પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે આભારવિધિ શિક્ષણકુંજના સંચાલકોએ કરી હતી.

# નાગવીરીની ૯૦૦ પાટીદાર દીકરીઓના નામથી એક વૃક્ષ વાવેતરનુ અનોખુ કાર્ય





**નાગવીરી ગામે હાલ લક્ષ્મિનારાયણ નુતન મંદિર એવમ ઉમિયા માતાજી ના ભાવ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ થયો છે જેમાં ભાગ લેવા માટે દેશભરમાંથી લોકો કચ્છ આવ્યા છે : ત્યાર સમાજને પ્રેરણા આપતા અનેક કાર્યો ધાર્મીક મહોત્સવ દરમ્યાન કરાઇ રહ્યા છે**

નાગવીરી તા.૨૩

નાગવીરીમાં ભગવાન શ્રી લક્ષ્મિનારાયણ નુતન મંદિર, એવમ ઉમિયા માતાજી ના ભાવ પ્રતિષ્ઠા મહોત્સવના ચાર દિવસીય ઉત્સવ અંતર ગત બીજા દિવસે મહાયજ્ઞ નો પ્રારંભ ,દીપ પ્રાગટય, ગણપતિ પૂજન, પુણ્યા વાચન, માતૃકા પૂજન, નાંદિ શ્રાદ્ધ,વિપ્ર વરણ, મંડપ પૂજન, મંડપ પ્રવેશ, સ્થાપિત દેવોનું પૂજન, મંદિર વાસ્તુ પૂજન, અગ્નિ સ્થાપન, હોમ, આરતી જેવી ધાર્મિક વિધિ શાસ્ત્રી ગીરીશ જોશીના મુખ્ય આચાર્ય પદે દિનેશ શાસ્ત્રી,ભાવેશ જોશી, પ્રફુલ સોનપાર, એ ધાર્મિક મંત્રોચાર, યજ્ઞનો પ્રારંભ કરાવ્યો હતો સત્રમાં નાગવીરી કડવા પાટીદાર સનાતન સમાજની ૯૦૦ દીકરીઓ ના ભેટ સોગાધ સાથે વિશિષ્ટ બહુમાન કરાયું હતું. નીયાણિના નામ સાથે વાછરાદાદા ના સ્થાનકે ૯૦૦ વૃક્ષોનું વાવેતર કરી પાટીદાર સમાજ સાથે અન્ય સમાજ પણ પ્રેરણા લઈ વડાપ્રધાનના આહવાન ને સ્વીકારી નાનકડા ગામે મોટું કામ કરી બતાવ્યું હતુ.ગામ ની એક દિવસની દિકરી થી લઈ જ્ઞાતિ ની કોઈપણ કુંવારી,પરણિત દીકરીઓ ના સન્માન કરવામાં આવ્યા હતા આ સન્માન ના મુખ્ય દાતા ડાયા માવજી લીંબાણી પરિવાર સિંગોટા, (ચેનાઇ), પરિવાર અને ગોવિંદ હીરજી લીંબાણી (અમદાવાદ) પરિવાર રહ્યા હતા. અને એમના હસ્તે દીકરીઓ,જમાઈઓને ભેટ, સોંગાંધ સાથે સન્માન કરવામાં આવ્યા હતુ.તો જુદી જુદી અન્ય સામગ્રી ભેટના દાતા દેવશી માવજી લીંબાણી,રતનશી માવજી લીંબાણી,કરસન રાજા લીંબાણી પરિવાર દ્વારા ભેટ આપી સન્માન કરવામાં આવ્યુ હતુ.મહોત્સવમાં કચ્છ મોરબીના સાંસદ વિનોદ ચાવડાએ યજ્ઞ મંડપમાં દર્શન નો લાભ લઈ પાટીદાર સમાજની એકતા,સંગઠન ની શક્તિ સમગ્ર ભારતમાં મિશાલ ઊભી કરી છે તેવી લાગણી વ્યક્ત કરી હતી,સમાજ મહેનતુ, હોઈ ગમે એવા આફત ને અવસર માં બદલાવી નાખવાની શક્તિને યાદ કરી ને દેશ-પરદેશમાં મોટા પાયે સમાજ બહાર વશે છે. ત્યારે આગામી ટૂંક સમય માં નવી ટ્રેન મળશે જેથી કચ્છીઓને અમદાવાદ,દિલ્લી,જેવા શહેરોમાં વધુ ઝડપી જવા મદદ મળશે તેવી ખાતરી આપી હતી સમાજ દ્વારા ઐતિહાસિક કહેવાતા દિકરીઓ ના નામ સાથે ૯૦૦ વૃક્ષોના વાવેતર કરી અનેકને પ્રેરણા આપી છે.

આ વેળા એ ગામના રાજકીય ક્ષેત્રે નખત્રાણા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે સેવા આપતા ભાવના પટેલ ને સાંસદે અભિનદન આપ્યા હતા. આ પહેલા યોજાયેલી ધાર્મીક યાત્રાનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ જેમાં હજારોની સંખ્યામાં પાટીદાર સમાજના લોકો ઉમટી પડ્યો હતા,દીકરીઓના સન્માન વખતે દેશ પરદેશથી આવેલી બહેનો એ પોતાના ગામ અને સમાજની સાથે પરિવાર દ્વારા જે માન,મોભા સાથે સંસારમાં અને જ્ઞાતિમાં ઊંચુ સ્થાન આપી ખરા અર્થમાં દીકરીઓ ના દિલ જીતી લીધા હતા અને આ ઋણ ક્યારે નહિ ઉતારી સકીએ તેવો ભાવ વ્યક્ત કર્યો હતો નખત્રાણાના પી.આઈ. મકવાણાનું સમાજ દ્વારા સન્માન કરાયું હતું મહાલક્ષ્મી પ્રોજેકટના ડાયરેકટર ઝા નુ પણ સન્માન કરાયુ હતું આયોજન સમિતિ ના ચેરમેન દેવશી લીંબાણી, સમાજના પ્રમુખ શિવજી પોકાર, મહામંત્રી હીરા પોકાર, અગ્રણીઓ દાતા ઓ ડાયા લીંબાણી,ગોવિંદ લીંબાણી,રતનશી વિશ્રમ પોકાર, ગોવિંદ ભાદાણી, રતનશી પોકાર, અમૃત ભાદાણી, પ્રેમજી છભૈયા, રતનશી લીંબાણી, સમિતિના તુલસી વાસાણી, કરશન લીંબાણી, બાબુ લીંબાણી, મોહન ભાદાણી, ચંદુ લીંબાણી, રાજેશ સાખલા, હરિ છાભૈયા, નરેન્દ્ર રામાણી, ગોવિંદ પોકાર, મોહન લીંબાણી, શિવજી લીંબાણી, કાંતિ ભાદાણી, નાગરાજ લીંબાણી, સતિષ લીંબાણી, શંકર ભાદાણી, નાગવીરીના મહિલા સરપંચ મરિયા લુહાર, ગોવિંદ ભગત, શાંતિ પોકાર, નીતિન પોકાર, રામજી વાસાણી, લખમશી લીંબાણી, કિશોર ભાદાણી, ધીરજ ભાદાણી, ચેતન વાસાણી, ભરત પોકાર, મહિલા મંડળના પ્રમુખ કલાબેન ભાદાણી, શાંતા પોકાર, મણી વાસાણી, સવિતા લીંબાણી સહિતના અગ્રણીઓ એ ઉપસ્થિત રહ્યા હતા હતા, સમગ્ર જુદા જુદા સત્રનું સંચાલન રમણીક ભાદાણી,શંકર ભાદાણી,જયેશ લીંબાણી એ કર્યું હતું. ચાર દિવસીય મહોત્સવ દરમ્યાન અનેક સામાજીક-ધાર્મીક કાર્યક્રમો યોજવામા આવશે'

# ભુજ લોહાણા મહાજન દ્વારા બારમો દ્રષ્ટિ સેવા કેમ્પ યોજાયો



ભુજ તા.૨૪

લોહાણા મહાજન દ્વારા એલ.એન.એમ લાયન્સ હોસ્પિટલ ભુજનાં સંયુકત ઉપક્રમે સર્વે જ્ઞાતિ માટે દર મહિનાના ચોથા ગુરૂવારે યોજવામાં આવતા નિઃશુલ્ક મોતીયા વેલ, ઝામર અને પડદાના ચેક અપના બારમા કેમ્પ નું આયોજન ભુજ લોહાણા મહાજનનાં પ્રમુખ ડો.મુકેશ એલ.ચંદે, ઉપપ્રમુખ ઘનશ્યામ ઠક્કર, મંત્રી હિતેશ ઠક્કરના માર્ગદર્શનમાં, નાનજી સુંદરજી સેજપાલ લોહાણા મહાજન વાડી મધ્યે યોજવામાં આવેલ, ભુજ આસપાસના ગામો માંથી આવેલ ૨૪ લાભાથીઓએ લાભ લીધો હતો, મોતીયા વેલના ૭ દર્દીઓના ઓપરેશન તેમજ આંખના નંબર વિનામુલ્યે ભુજની લાયન્સ હોસ્પિટલ મધ્યે કરી આપવામાં આવશે, સામાન્ય આંખના દર્દીઓને અને ઓપરેશન કરાવનાર દર્દીઓને પંદર દિવસની દવા અને કાળા ચશ્મા ફ્રી આપવામાં આવશે આ કેમ્પમાં લાયન્સ હોસ્પિટલના હરેશ એસ. પરમાર (એલ.એન.એમ એડમીન) સંજય ભાટી (આંખ ચેકઅપ) સુરેશ ચંદે, રમેશ ઘેડાએ સેવા આપી હતી, કેમ્પની જરૂરી વ્યવસ્થા સહમંત્રી સંજય ઠક્કર, આરોગ્ય સમિતિના ચેરમેન ચેતન ઠક્કર, ભાવેશ ઠક્કરે સંભાળી હતી, હર્ષદ ઠક્કર, દિનેશ દૈયા, બાલકૃષ્ણ ઠક્કર, ધિરજ ઠક્કર, દિલીપ ઠક્કર, યુવા મંડળના ઉપપ્રમુખ વરૂણ ઠક્કર, નમન ઠક્કર, મંત્રી નિખીલ ઠક્કર, તથા જીત ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા કેમ્પને સફળ બનાવવા માટે મહાજનના સ્ટાફગણ વ્યવસ્થામાં સાથે રહ્યા હતા જ્યારે અલ્પાહારની વ્યવસ્થા જગદિશ ઠક્કર તરફથી કરવામાં આવી હતી.

## કલકત્તા દુષ્કર્મના વિરોધમાં અમદાવાદમાં રેલી




**અમદાવાદ :** રોટરી ક્લબ ઓફ અસ્મિતા દ્વારા કલકાતામાં થયેલ દુષ્કર્મના વિરોધમાં રોટરી ક્લબ ઓફ અસ્મિતાના પ્રમુખ રીયા અસુદાનીએ આજે ગોટીલા ગાર્ડન સિંધુ ભવન રોડ ખાતે એક જૂથ થઈ બેનર સાથે રેલી કાઢી હતી. જેમાં રોટરેક્ટ ક્લબે પણ સહયોગ આપ્યો હતો,આ રેલીમાં ઓલ ગુજરાત ડિપ્લોમા સેલ્ફ ફાઈનાન્સ કોલેજ એસોસિએશનના પ્રમુખ જીતેન્દ્ર ઉપાધ્યાય, માલધારી સમાજના આગેવાન કિરણ દેસાઈ અને ધ્રુતીબેન શુકલા, અમિત સંઘવી,નિરંજન મહેતા ,જીતેન્દ્ર કલાલ તથા પ્રશાંત ગોસ્વામી સહિત અન્ય સામાજિક આગેવાનો તેમજ લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## મુંદરામાં સૂરીશ્વરજી દાદાની સ્વર્ગારોહણ તિથિ ધામધૂમથી ઉજવાઈ





**મુન્દ્રા :** તપગરછજૈન સંઘ ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય ખાતે ચાતુર્માસ બિરાજતા પંન્યાસ મુક્તિચરણ વિજયજી મ.સા. તથા મુનિરાજ મુક્તિચરણ વિજયજી મ.સા.ની નિશ્રામાં કચ્છના કર્ણધાર વાગડ દેશો દ્વારા કનક સૂરીશ્વરજી દાદાની ૬૧મી સ્વર્ગા રોહણ તિથિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનો લાભ વોરા ચંદનબેન ચુનીલાલ પરિવારે દર વર્ષની જેમ આ વર્ષે પણ લીધો હતો સવારના ભક્તામર સૂત્રનું પઠન તથા દાદાના ગુણાનુવાદમાં મ.સા. એ કનકસુરીશ્વર દાદાના જીવન ઝરમરના વિવિધ પ્રસંગો વર્ણવી અનેક દષ્ટાંતો દ્વારા દાદાની યાદ તાજી કરાવી હતી. બપોરે બહોળી સંખ્યામાં સામુહિક આંબમીલ કરવામાં આવ્યા હતા,પાર્શ્વ કલ્યાણ પૂજામાં રફિકભાઈ તથા કિશોરભાઈની પાર્ટીએ રંગત જમાવી હતી,નવ દિવસના જાપ કરનાર ભાગ્યશાળીઓનું આ અવસરે બહુમાન,લાભાર્થી પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે પ્રભુજીની ભવ્ય આંગી અને ભક્તામર સ્તોત્ર યોજાયો હતો, દેરાસરના પૂજારી કિશનભાઈનું સન્માન તેમજ મુક્તિ ચરણ વિજયજી મ.સા.ના ૪૨મી આયંબિલ ઓળી પ્રસંગે તપગચ્છ જૈન સંઘ દ્વારા પાંચેય ગચ્છમાં લાણી કરવામાં આવી હતી. રાત્રે ભગવાનની ભક્તિ કરવામાં આવી હતી, આ ટાંકણે તપગરછ જૈન સંઘના પ્રમુખ હરેશ મહેતા ઉપપ્રમુખ પપ્પુભાઈ વોરા, મંત્રી પારસ ફોફળિયા, સાગર મહેતા, જનસેવાના રાજ સંઘવી, વિમલ મહેતા,વિમલ શાહ , પંકજ શાહ, વિનોદ ફોફડીયા, શાંતિલાલ મહેતા જીતુ મહેતા, ભરત મહેતા કાંતિભાઈ મહેતા, મહેન્દ્ર મહેતા,સુરેશ મહેતા, બીપીન મહેતા, સતીષ મહેતા, વિનોદ મહેતા સહિત ભાઈઓ તથા બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

# આજે કિસ અને મેક અપ દિવસ



જાણ્યું અજાણ્યું
ડો.મિહિર એમ.વોરા

રાષ્ટ્રીય ચુંબન અને મેક અપ ડે આપણને ઝઘડાઓ, દલીલો અને ઝઘડાઓને સમાપ્ત કરવાની યાદ અપાવે છે. જે દર ૨૫ મી ઓગસ્ટના ઉજવાય છે. આપણામાંના દરેકને આપણા જીવનમાં કોઈક સમયે કોઈ પ્રિય વ્યક્તિ સાથે ઝઘડો થયો છે. સમય વીતી ગયા પછી તે તમારા અને મિત્ર, પરિવારના સભ્ય, પાડોશી અથવા સહકાર્યકર વચ્ચે હોય, શું તમને કારણ યાદ છે? ભૂલ પણ કોની હતી? શું તમે ઈચ્છો છો કે આ વિવાદ લાંબા સમય સુધી ચાલુ રહે? તે કદાચ બધાનો સૌથી મહત્વપૂર્ણ પ્રશ્ન છે.

માફી માંગવી, અથવા ફક્ત મૌન તોડવું એ ઉપચાર શરૂ કરવા માટે પૂરતું હોઈ શકે છે. સમાધાન કરવાનો પ્રયાસ કરો. જીત ન મળે તેવી પરિસ્થિતિમાં પણ, જો સંબંધ સાચવવા યોગ્ય હોય તો અસંમત થવા માટે સંમત થવું એ એકમાત્ર ઉકેલ હોઈ શકે છે. જ્યારે આપણે ગંભીર વિવાદ પછી શાંતિથી મુદ્દાઓ પર વાત કરીએ છીએ, ત્યારે આપણને ઘણી વાર બંને પક્ષો સામેની વ્યક્તિની ગેરસમજ થતી જોવા મળે છે. પાછળ જોઈને, આશા છે કે, અમે સંબંધને હસવા અને સુધારવા માટે કંઈક શોધી શકીએ છીએ. આ ઉપરાંત ચુંબન તમારા મગજને સેરોટોનિન, ડોપામાઈન અને ઓક્સીટોસિન જેવા ફીલ-ગુડ રસાયણોનું સુખદ અમૃત છોડવા માટે પ્રોત્સાહિત કરે છે.

આ ફક્ત તમારી ખુશી માટે જ મહત્વપૂર્ણ નથી, તે તમારા સંબંધોને મજબૂત કરવામાં પણ મદદ કરી શકે છે. આ દિવસ નો ઈતિહાસ જોઈ તો ઈસ ૧૫૦૦ માં ચુંબન કરવાની તારીખનો ઉલ્લેખ છે. જે લોકો તેમને લખે છે તેઓ આજે આપણે જેને ભારત કહીએ છીએ તેમાં રહેતા હતા. તે સમયે, તેઓ રોમાંસ વ્યક્ત કરવા માટે વારંવાર નાક ઘસતા હતા.અમુક સમયે, કોઈનો ચહેરો લપસી ગયો હતો, અને ચુંબનનો આનંદ શોધાયો હતો! સને ૩૦૦,માં ચુંબન ભારતની બહાર ફેલાયું હતું, જે એલેક્ઝાન્ડર ધ ગ્રેટના વિજેતા સૈનિકો દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. ટૂંક સમયમાં, તે વિશ્વવ્યાપી ઘટના હતી! રોમન મિશનરીઓને તેમના પોતાના હોઠ વડે ચુંબન અંગેની વાત ફેલાવવા સમગ્ર યુરોપમાં મોકલવામાં આવ્યા હતા.

તેઓએ તે સમયે ચુંબનના પ્રકારોને પણ અલગ પાડ્યા હતા,ઓસ્ક્યુલમ (મિત્રતા ચુંબન) અને બેઝિયમ(રોમેન્ટિક લિપ-ટુ-લિપ કિસ) થી જે પાછળથી ફ્રેન્ચ ચુંબન તરીકે ઓળખાય છે! ચુંબન એ સંસ્કૃતિનો અત્યંત મહત્વનો ભાગ બની ગયો હતો, એટલા માટે કે યોગ્ય ચુંબન વિશે કાયદાઓ પસાર કરવામાં આવ્યા હતા, અને ચુંબનનો ઉપયોગ કેટલીકવાર લેખન અને વાંચન ક્ષમતાઓની ગેરહાજરીમાં કરારને માન્ય કરવા માટે કરવામાં આવતો હતો. ૧૬૬૦ ની આસપાસ ઈંગ્લેન્ડમાં ચર્ચના પ્રતિબંધિત કાયદાઓ અથવા લંડનના ગ્રેટ પ્લેગને કારણે ચુંબનની લોકપ્રિયતા સમાપ્ત થઈ ગઈ હતી. અલબત્ત, તે હેન્ડશેક સાથે ફરીથી મિત્રતાના હાવભાવ તરીકે લોકપ્રિય બનશે.


આગામી કેટલીક સદીઓ દરમિયાન, ચુંબન એ એક કાર્ય બની ગયું છે જેને આપણે આજે જાણીએ છીએ. જો કે, ૨૦ મી સદીના મોટા ભાગ માટે હોલીવુડમાં ચુંબન ખૂબ જ પ્રતિબંધિત હતું, જોકે ધ કિસ જેવી કેટલીક ફિલ્મો તેનાથી દૂર થઈ ગઈ હતી. યુગો દરમિયાન ઘણા પ્રખ્યાત તૂટેલા ઝઘડાઓ અને દ્વેષો પણ રહ્યા છે - પછી ભલે તે ચુંબનમાં સમાપ્ત થાય કે નહીં! એક જાણીતું ઉદાહરણ યોર્ક વિ. ૧૫મી સદીમાં જ્યારે તેઓ અંગ્રેજી તાજ માટે લડતા હતા ત્યારે લેક્રાસ્ટ્રિયનો. આખરે, આ ઝઘડાએ (ગુલાબનું યુદ્ધ) જે યુદ્ધને માર્ગ આપ્યો તેનો અંત આવ્યો જ્યારે હેનરી આઈવી એ યોર્કની એલિઝાબેથ સાથે લગ્ન કર્યા,ચુંબન આજે એક ભાવ પ્રગટ કરવાનો પ્રયાય બન્યુ છે. જો કે ભારતમાં જાહેરમાં ચુંબન અંગે હજુ પણ લોકોમાં કચવાટ છે

# રાંધણ છઠ્ઠ અને ભગવાન ને નીલકંઠવર્ણી વાઘા નું રહસ્ય..તમે જાણો છો ?

ભુજ તા.૨૪

શ્રાવણ સુદ છઠનો દિવસ એટલે જન્માષ્ટમી પૂર્વેની રાંધણ છઠ્ઠ જેને લોકો રાંધણ છઠ્ઠ કહે છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ છઠનો ખુબ જ મોટો મહિમા રહેલો છે. જે બહુ ઓછા લોકોને ખબર હશે.આજનો દિવસ સંપ્રદાય માટે ઐતિહાસિક દિવસ છે કેમકે આજથી ૨૨૪ વર્ષ પૂર્વે બાળ પ્રભુ ઘનશ્યામ છપૈયા અયોધ્યાની ભૂમિથી નીલકંઠ વર્ણીનો વેશ ધારણ કરી અને સાત વર્ષ એક માસ અને ૧૧ દિવસ સુધી અનેક ગામો, નગરો,અનેક વન પર્વતો, જંગલોને પાર કરતા કરતા આસરે ૧૬ હજાર કી.મી.ખુલ્લે પગે પગપાળા વનવિચરણ કર્યુ હતુ અને એ વનવિચરણ પૂર્ણ થયા બાદ સં.૧૮૫૬ શ્રાવણવદ છઠ એટલે કે આપણી રાંધણ છઠ્ઠ તારીખ ૨૧ ૮ ૧૭૯૯ ના દિવસે નીલકંઠ વર્ણી વનવિચરણ પૂર્ણ કર્યા બાદ સૌપ્રથમ જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના લોજ ગામે પધાર્યા હતા.સ્વામિનારાયણ સંપ્રદાયના તે વખતના સંત સ્વામી સુખાનંદજી વતી સંત મૂર્તિ વિદ્વાન સંત મુક્તાનંદને મળ્યા હતા.સંત મુર્તિ વિદ્વાન મુક્તાનંદ સ્વામીએ આ નીલકંઠ વર્ણીને પોતાની સાથે લોજપુર ગામે આશ્રમમાં રાખ્યા ,સંભાળ્યા, સાચવ્યા ત્યારથી સ્વામિનારાયણ સંપ્રદાયની અંદર આ નીલકંવરણી રૂપે તે સ્વામિનારાયણ ભગવાનનું આગમન થયું એટલા માટે આજનો આ દિવસ ઐતિહાસિક છે સ્વામિનારાયણ ભગવાને આજે વનવિચરણની યાત્રા પૂર્ણ કરી છે એ સંદર્ભ ઐતિહાસિક છે આ તહેવાર પછી નીલકંઠવર્ણી આ મુક્તાનંદ સ્વામીના બીજા સંતો સાથે સાથે રહ્યા હતા લોજ ગામથી ભુજ ગુરુ રામાનંદ સ્વામીને પત્ર લખેલો. તે પછી રામાનંદ સ્વામી સાથે મુલાકાત થઈ અને પછી સંપ્રદાય ની અનેકવિધ પ્રવૃત્તિ આગળ વધી આ મુક્તાનંદ સ્વામીએ કે જેવો ભુજમાં રા-લખપત રાજાની પાઠશાળામાં સંસ્કૃતનો, કાવ્યનો, પિંગલ શાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો.અને અભ્યાસ દરમિયાન કચ્છમાં સત્સંગની શુભ શરૂઆત કરી હતી. રાજગરાના વ્યક્તિઓ સુંદરજી સુથાર, હિરજી સુથાર, ગંગારામ મલ્લ, લાધીબાઈ મહેતા, શિવરામ મહેતા, વિગેરે સહિત ભુજના નામાંકિત અનેક વ્યક્તિઓ આ સંતોના સહયોગમાં આવ્યા અને બાદમાં સત્સંગમાં આવ્યા એના સરવાળે ઉદ્ધવ આવતા રામાનંદ સ્વામી ભુજમાં આવ્યા પછી સ્વામિનારાયણ ભગવાન પણ ભુજમાં આવ્યા અને આ બધાયના સરવાળે ભુજમાં મોટું મંદિર બન્યુ.. શ્રી નરનારાયણના દેવની પ્રતિષ્ઠા થઈ એ બધાના મૂળનો આજનો દિવસ છે....એટલા માટે સ્વામિનારાયણ સંપ્રદાયમાં રાધણ છઠના દિવસનું અલગ અને અનોખું મહત્વ છે આ દિવસે ભગવાન શ્રી ને નિલકંઠ વર્ણીના વસ્ત્રો પહેરાવવામાં આવે છે.જેમા કચ્છના તમામ મુખ્ય મંદિરોએ આ શણગાર કરવામાં આવ્યો હતો.





**સ્વામિનારાયણ સંપ્રદાયના ભૂજ, અંજાર, માંડવી અને પ્રસાદી મંદિરમાં આ દિવસે નીલકંઠવર્ણી ના મનમોહક દર્શન કરવાનો લાહ્વો ભક્તોને મળ્યો હતો. ૨૨૪ વર્ષ પૂર્વે બાળ પ્રભુ ઘનશ્યામ છપૈયા અયોધ્યાની ભૂમિ થી નીલકંઠવર્ણીનો વેશ ધારણ કરી અને સાત વર્ષ એક માસ અને ૧૧ દિવસ સુધી વનવિચરણ કર્યુ હતુ**

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

# લોડાઈ ગામમાં ૩ ઈસમો જુગાર રમતા ઝડપાયા



ભુજ તા.૨૪


પધ્ધર પોલીસે લોડાઇ ગામેથી બાતમી આધારે ત્રણ ઈસમોને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા.

પધ્ધર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સપેક્ટર એ.પી.વાઘેલાની સુચના મુજબ પધ્ધર પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.કોન્સ.ભરત ચૌધરીને બાતમી મળેલ કે, લોડાઇ ગામની ઉતરાદી સીમમાં ભાઈડીયા વિસ્તારમાં, કેનાલની બાજુમાં વાડીના સેઢા પાસે આવેલ બાવળોની ઝાડીમાં અમુક ઈસમો જુગાર રમી રમાડે છે,

જે મળેલ બાતમી આધારે વર્ક આઉટ કરી રેઈડ કરતા કાનજી રવાભાઇ કેરાશીયા, શામજી લખમણ ચાડ, અને નરેશ શિવજી ડાંગર (આહીર) રોકડા રૂપીયા ૧૧,૧૦૦, મોબાઈલ ફોન નં-૩ કિ.રૂ.૧૦, ૫૦૦ ગંજીપાના નંગ-૫૨, એમ કુલ કિ.રૂ.૨૧,૬૦૦ મુદ્દામાલ સાથે ઝડપાઇ ગયા હતા, જે કબ્જે કરી તમામ આરોપીઓ વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવી હતી.

# ધાણેટીની ચાઈનાકલે ફેક્ટરીમાં બાળકને બચાવવા જતા ત્રણના મોત !

**રજાના દિવસે ફેક્ટરીના માલિક બાળકને બહાર લઇ જવાના બદલે ફેક્ટરી પર લાવ્યા રમતા-રમતા બાળક હેકર મશીનમા ફસાઇ ગયા બાદ એક બાદ એક બચાવવા જતા ત્રણ લોકો મોટને ભેટ્યા**



કચ્છના પધ્ધર-ધાણેટી વિસ્તારમાં ખનીજ વ્યવસાય ફુલ્યો-ફાલ્યો છે. પરંતુ તે સાથે કંપનીઓમાં સેફ્ટીને લઈને અનેક સવાલો અનેકવાર ઉભા થયા છે. તે વચ્ચે ધાણેટીમાં આવેલી શ્રી હરિ મિનરલમાં સર્જાયેલી દુર્ઘટનામાં ત્રણ લોકોના મોત થયાની દુખદ ધટના સામે આવી છે. શનિવારે સવારે કંપનીના માલિકનો પુત્ર પિતા સાથે ફેક્ટરી પર આવ્યો હતો અને રમતા-રમતા હોફર મશીનમાં ફસાઈ ગયો હતો. જેને બચાવવા જતા તેના પિતા તથા તેના અન્ય એક ભાગીદારનુ મોત નિપજ્યુ હતુ. સવારે બનેલી દુર્ઘટનામાં કંપનીમા કામ કરતા અન્ય લોકો પણ મદદ માટે કામે લાગ્યા હતા પરંતુ તે પહેલા ૩ લોકોના કમકમાટી ભર્યા મોત નીપજ્યા હતા. હોફર મશીનમાં બાળક ફસાયા બાદ તેને બચાવવા ગયેલ પિતા અને તેના ભાગીદારનુ મોત થયુ હતુ.મૃતકમાં અક્ષર ચામરિયા ઉમર ૧૦, તેના પિતા ગોવિંદ ચામરીયા ઉમર ૪૫, તથા તેના ભાગીદાર પ્રકાશ વગાણી ઉમર ૩૨નો સમાવેશ થાય છે. જે તમામના મૃતદેહને ભુજની જનરલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા પોલીસે આ મામલે પ્રાથમીક તપાસ કરી હતી.

હતભાગી પરિવાર રાપરના કલ્યાણપર ગામના વતની છે. અને વ્યવસાય અર્થે ભુજમા રહે છે તેવુ સામે આવ્યુ છે શનિવારે દુર્ઘટના સર્જાયા બાદ કંપનીમા કામ કરતા તમામ લોકો મદદ માટે આવ્યા હતા પરંતુ બાળકને બચાવવા જતા કંપનીના માલિક અને તેના પિતા તથા અન્ય એક ભાગીદારનુ મોત થયુ હતુ બનાવને પગલે આ વિસ્તારના ઓદ્યોગીક એકમોમાં શોક ફેલાયો હતો જો કે આ ધટના તો આકસ્મીક છે, પરંતુ અગાઉ આ વિસ્તારમાં આવેલા ઓદ્યોગીક એકમોમાં અપુરતા સુરક્ષા સાધનોને કારણે કેટલાય લોકોએ જીવ ગુમાવ્યા છે. અને મોટા વહીવટથી મામલાઓ રફેદફે કરી દેવાયા છે. ત્યારે આ દુર્ઘટનાથી સબક લઈ કામદારો માટે પુરતા સુરક્ષા સાધનો ઈમરજન્સી મેડીકલ સુવિદ્યાની વ્યવસ્થા કરાય તે જરૂરી છે. અને આ મામલે તેના માટે લાલબત્તી સમાન છે.

# શું કેમીકલ કંપનીઓ દ્વારા રોકાતા પાણીને કારણે "સફેદ રણ" સફેદી ગુમાવી રહ્યું છે ?

ભુજ તા.૨૪

ખાનગી કંપની દ્વારા દરિયાઈ પાણી રોકવાથી સફેદ રણની સફેદી ઘટી રહી હોવાની ચોંકાવનારી રજુઆત છેક વડાપ્રધાનને કરાઈ. દર વર્ષે રણ ઉત્સવ શરૂ કરી દેવાય છે પરંતુ સફેદ રણ જોવા માટે લોકોને દુર-દુર જવુ પડે છે.ઉદ્યોગોના પાણીથી રણની ચમક ઓછી થઇ હોવાની રજુઆત બન્ની ખાવડા પંથકના સંયુક્ત નૈતિક માનવ અધિકાર સમિતિના પ્રમુખ અમીરઅલી મુસ્તાક મુતવાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સંબોધી પાઠવેલા પત્રમાં જણાવ્યું છે કે, "કચ્છ ટુરિઝમના એક ખાસ અંગ અને કડી સમાન સફેદ રણ જેને આપના ગુજરાતના મુખ્યમંત્રીના કાર્ય કાળમાં કાયાકલ્પ સાથે વેગ મળ્યો હતો, જે સફેદ રણના મીઠા થકી, આપના સુચારુ માર્ગદર્શનથી કચ્છ ટુરિઝમને ખૂબ વેગ મળ્યો છે, આપનું વિઝન 'વોકલ ફોર લોકલ'ને કારણે આ વિસ્તારના અનેક લોકોને રોજગારી મળી છે, નાના વર્ગના હસ્તકલના કારીગરો, હોમસ્ટે અને હોટલોવારા તેમજ અનેક નાના ધંધાર્થીઓને પણ આ સફેદ રણ થકી ખૂબ લાભ થયો છે."પરંતુ હાલ હાજીપીરથી ખાવડા સુધી કાર્યરત કેટલીક કેમિકલ કંપનીઓ દ્વારા કુદરતી દરિયાના ભરતી ઓટમાં આવતું પાણી પાળા બાંધી રોકી રખાયુ છે, જેના કારણે ટુરીઝમ ક્ષેત્રે કચ્છની જીવાદોરી સમાન ઓળખ અને રોજગાર ઉપર મોટી અસર પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થઇ શકે છે, જો આ ખાનગી કંપનીઓ રોકેલું પાણી નહિ છોડે તો "સફેદ રણ"ની સફેદી ધીમે ધીમે લુપ્ત થઈ અને "કચ્છ નહીં દેખા તો કુચ્છ નહિ દેખા"નું સૂત્ર ઝાંખુ પડી જશે, અને ગુજરાત ટુરિઝમ તેમજ કચ્છના કારીગરો અને હોમસ્ટે ધારકોના સપનાંઓ પણ સફેદ રણની જેમ પોતાની સફેદી ખોઈ બેસે તેવી હાલત નિર્માણ થઈ શકે છે. મુતવાએ કચ્છના કારીગરો અને હોમસ્ટે વતી વડાપ્રધાન મોદીને વિનંતી કરી છે કે, આપ ગુજરાત રાજ્ય સરકાર અને ટુરિઝમ વિભાગને સૂચના આપી ખાનગી કમ્પનીઓ દ્વારા અટકાવેલ દરિયાનું પાણી વિશ્વ વિખ્યાત ધોરડોના સફેદ રણમાં છોડવા આદેશ કરે તો, સફેદ કણ કણમાંથી બનતું આ "સફેદ રણ" ફરી સુંદરતાથી મહેકી ઉઠશે, અન્યથા કચ્છને પ્રવાસન ક્ષેત્રે નુકશાન ભોગવવાનો વારો આવી શકે તેમ છે. જો કોઈ ખાનગી કંપનીઓ દ્વારા આવી રીતે પાણી રોકવામાં આવતું હોય તો પ્રવાસન ક્ષેત્રે કચ્છને વિશ્વ સ્તરે જે ઓળખ મળી છે, તેમાં ઘટાળો થાય તેમ છે.તેની સામે કાર્યવાહીની માંગ કરાઇ છે. મુખ્યમંત્રી અને પ્રવાસન વિભાગને પણ આ પત્રની નકલ મોકલાઇ છે





# નલીયા: પોલીસની જાણ બહાર પરપ્રાંતીયને મકાન ભાડે આપતાં પગલાં

નલીયા તા.૨૪

નલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મકાન માલીકે મકાન ભાડે આપ્યા અંગેની જાણ સ્થાનીક પોલીસ સ્ટેશનમાં નહીં કરાવી જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી એસ.ઓ.જી પશ્ચિમ કચ્છ, ભુજ દ્વારા કરાઈ હતી. કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ દ્વારા અવાર નવાર જાહેરનામાં બહાર પાડવામાં આવે છે. તેમ છતાં મકાન માલીકો દ્વારા મકાન ભાડે આપ્યા અંગેની જાણ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં કરાવવામાં આવતી નથી, જે અનુંસધાને એસ.ઓ.જી.પશ્ચિમ કચ્છના પોલીસ ઈન્સ્પેકટરશ્રી વી. વી. ભોલાના માર્ગદર્શન હેઠળ એસ. ઓ. જી. સ્ટાફનાં એ. એસ. આઈ જોરાવરસિંહ જાડેજા તથા માણેક ગઢવી અબડાસા વિસ્તારમાં પેટ્રોલીંગ હતા તે દરમ્યાન સૈયદ અફઝલ ઈમામ (રહે.એવરેસ્ટ કોલોની,નલીયા) એ પોતાનાં માલિકીનું મકાન પરપ્રાંતીય ઈસમને ભાડેથી આપી આધાર પૂરાવા ન મેળવી સ્થાનીક પોલીસ સ્ટેશનમાં જાણ કરાવેલ ન હોવાનું ધ્યાને આવતાં તેની વિરુદ્ધ નલીયા પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# મોટા કાંડાગરા ભૂખી નદીમાં પાસ પરમીટ વિના રેતી ભરતા બે ટ્રેક્ટર,લોડર કબ્જે કરાયા


ભુજ તા.૨૪

મુંદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રોયલ્ટી કે પાસ પરમીટ વગર રેતી (ખનીજ) ભરતા બે ટ્રેક્ટર તથા લોડરને પકડી લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ડીટેઈન કરી ખાણ-ખનીજ વિભાગ ને મોકલી આપ્યા હતા.

જીલ્લામાં ગેરકાદેસર થતી ખનીજ ચોરી અટકાવવા અનુસંધાને લોકલ ક્રાઇમ બ્રાન્ચ પશ્ચિમ કચ્છ ભુજના પોલીસ ઈન્સ્પે. એસ.એન.ચુડાસમા તથા સબ ઈન્સ્પેકટર ટી.બી.રબારીના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઇ. પ્રધ્યુમનસિંહ ગોહિલ અને હેડ કોન્સ્ટેબલ રાજદીપસિંહ ગોહિલ મુંદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તેમને બાતમી મળેલ કે, મોટા કાંડાગરા ગામના પુલીયા પાસે આવેલ ભુખી નદીમાં અમુક ઇસમો ગેરકાયદેસર રીતે લોડર મારફતે ટ્રેક્ટરોમાં રેતી ભરી તેનું ગેરકાયદેવહન કરી રહ્યા છે, જેથી તુરત જ બાતમીવાળા સ્થળે જઈ તપાસ કરતા, રેતી ભરવાનું ચાલુ હતું, આ કાર્યવાહી દરમ્યાન હાજર મળી આવેલ ઈસમો,લાલાભાઈ (મોટા ભાડીયા તા.માંડવી), રવીકુમાર રાધેશ્યામ સોનકર (રહે. મોટા કાંડાગરા તા.મુંદરા) અને દીલીપસિંહ હરભમજી રાઠોડ (રહે. હાલે. મોટા કાંડાગરા ત મુળ રહે. શાયરા યક્ષ તા.નખત્રાણા) ટ્રેક્ટર તથા લોડરના ડ્રાઈવર પાસે સદરહુ જગ્યાએ રેતી ભરવા અંગે પાસ પરવાના કે રોયલ્ટીની માંગણી કરતા તેમની પાસે આવા કોઇ પાસ પરવાનો કે આધાર પુરાવા નહી હોવાનું કબૂલ્યું હતું, જેથી ખાણ ખનીજ ધારા કલમ-૩૪ મુજબ બે ટ્રેક્ટર અને એક લોડર ચેસીસ ડીટેઈન કરી આગળની કાર્યવાહી માટે મુંદરા પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યા હતા.

# જોખમી બ્રિજની અંતે મરામંત

**આઠ વર્ષ પહેલાં બનેલા આ બ્રિજ પર બે વર્ષ પણ વાહનો ચાલ્યા નહી ત્યા પુલ જર્જરીત થયો છે. અગાઉ પણ અનેક વખત આ પુલ બંધ કરાયો હોવાના આક્ષેપ સાથે કોગ્રેસે કરેલી રજુઆત બાદ તંત્રએ જર્જરીત પુલનુ રીપેરીંગ પુર્ણ કર્યુ**



ભુજ તા.૨૦

ભુજ-ભચાઉ વાયા દુધઈ હાઈવે પર નવાગામ પાટીયા નજીક સાકરા નદી પર આઠ વર્ષ પહેલા બનાવવામાં આવેલ બ્રિજ (પુલ) ભયજનક બન્યો હતો આ પુલ ઉપરના સ્ટીલના જોઈન્ટ બન્ને છેડેથી અલગ પડી ગયા હતા, અને લોખંડના સળિયા બહાર આવી ગયા હતા, ડામર પણ સદંતર ઉખડી ગયો હતો ચાંદ્રાણી કોટડા થી છેક ભચાઉ સુધી આ રોડ પર ખુબજ મોટા ખાડાઓ પડી ગયા હતા, જેના લીધે અકસ્માતો થવાનું જોખમ પણ વધી વધી ગયું હતુ. કોટડા (ચાંદ્રાણી) ના પૂર્વ સરપંચ અને કોંગ્રેસના યુવા આગેવાન વિક્રમ છાંગા, અંજાર તાલુકા કિશાન કોંગ્રેસના પ્રમુખ મહાદેવ ડાંગર દ્વારા તંત્ર સમક્ષ રજુઆત કરાઇ હતી જે બાદ તંત્ર જાગ્યુ હતુ અને જોખમી સ્થળનુ રીપેરીંગ શરૂ કર્યુ હતુ.આ પુલ જર્જરીત હાલતમાં હોવાથી અગાઉ અનેક વખત આ પુલને બંધ કરી દેવામાં આવ્યો હતો, આ પુલના નિર્માણને આઠ વર્ષ થયા છે, પરંતુ આ પુલ ઉપર બે વર્ષ પણ વાહનો ચાલી શકયા નથી. કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ આ પુલમાં મોટા પાયે ભષ્ટ્રાચાર થયો છે,

તેવા આક્ષેપો પણ થયા હતા ગુજરાત રાજયના સૌથી વૃધારે ટ્રાફિક ધરાવતા પાંચ સ્ટેટ હાઈવે પૈકીનો આ ભુજ-ભચાઉ વાયા દુધઈ હાઈવે રોડ છે, અહિંથી રોજ ૧૩ હજાર જેટલા નાના-મોટા વાહનો પસાર થઈ રહયા છે, અતિ વ્યસ્ત એવા આ રોડ પર કોઈ મોટા જીવલેણ અકસ્માત સર્જાય તે પહેલા તાત્કાલિક ધોરણે આ જર્જરીત પુલ તેમજ રોડના ખાડા ઓને રીપેર કરવામાં આવે તેવી માંગ કરાઇ હતી જે બાદ આર. એન.બી વિભાગે ગંભીર બની શનિવારે રસ્તો બંધ કરી રીપેરીંગ કામ પુર્ણ કર્યુ હતુ. આગેવાન વિક્રમ છાંગાએ જણાવ્યુ હતુ કે પુલ રીપેરીંગ થવાથી અહીથી પસાર થતા ચાલકોને રાહત મળશે

# નેપાળનો નરબહાદુર બે વર્ષે ઘરે પહોંચ્યો



નેપાળનાં જેશીર્ગાવનો યુવાન નરબહાદુર ગુમ થતાં પરિવારજનોએ તેની સતત ચિંતા સેવી હતી.માનવજ્યોત ભુજનાં સામાજિક કાર્યકર રીતુ વર્મા બાયડ આશ્રમની મુલાકાતે ગયેલા ત્યારે આ યુવાનને સાથે તેડી આવ્યા. રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ મધ્યે રાખી તેની સારવાર કરતાં તે સ્વસ્થ બન્યો હતો.નેપાળ પોલીસની મદદ લઇ તેનું ઘર-પરિવાર શોધી કઢાતાં તેનાં માતા-ભાઇ-કાકા ભુજ આવી આ યુવાનનો કબ્જો લેતા ભાવુક દ્રશ્યો સર્જાયા હતા.નેપાળનો આ યુવાન બે વર્ષ પછી તેનાં ઘરે પહોચ્યો. આ કાર્યમાં પ્રબોધ મુનવર, આનંદ રાયસોની, દિપેશ શાહ, પંકજ કુરુવા, દિલીપ લોડાયા, અક્ષય મોતા સહભાગી બન્યા હતા.

# કચ્છમાં ઝાંપટા પણ વરસાદની આશા બંધાઇ



ગુજરાતમાં ફરી બે દિવસથી વરસાદની શરૂઆત થઇ છે તે સાથે કચ્છમાં પણ વરસાદની આશા બંધાઇ છે. ગઈકાલે જ્યા રાપરના કેટલાક ગ્રામ્ય વિસ્તારમાં ઝાંપટા પડ્યા હતા તો આજે ભુજ, લખપત સહિતના વિસ્તારમા વરસાદી ઝાંપટા પડ્યા હતા અને હાલ અસહ્ય ગરમી વચ્ચે વરસાદી માહોલ બંધાયો છે જેને કારણે કચ્છમાં પણ સારા વરસાદની આશા બંધાઇ છે.પ્રથમ રાઉન્ડમાં કચ્છમાં સાર્વત્રીક વરસાદ થયો હતો. જેમાં અબડાસા, માંડવી, નખત્રાણા સહિતના વિસ્તારોમાં ભારે વરસાદથી ખેડુતો અને સામાન્ય લોકો ખુશ દેખાયા હતા

# પરજાવના સરપંચના મોત મામલે યોગ્ય તપાસની ખાતરી બાદ મૃત્દેહનો સ્વીકાર

**સરપંચના મોત માટે જવાબદાર કોણ ? મૃત્દેહ ન સ્વીકારાતા દોડધામ મચી હતી ત્યારે ઝેરી દવા પીવા મામલે શનિવારે મોત બાદ પરિવાજનો,આગેવાનોએ માનસીક ત્રાસથી પગલુ ભર્યાના દાવા સાથે મૃત્દેહ સ્વીકારવાનો ઇક્કાર કરતા તંત્ર દોડતુ થયુ હતુ જો કે પોલીસે યોગ્યની ખાતરી આપતા મૃત્દેહ સ્વીકારાયો**



ભુજ તા.૨૪

અબડાસા તાલુકાના પરજાઉ ગામના ઈન્ચાર્જ સરપંચ બળવંતસિંહ જાડેજાએ ત્રણ દિવસ પહેલા ઝેરી દવા પી લીધા બાદ આજે ત્રણ દિવસની સારવાર બાદ તેનુ મોત મોત થયુ છે. જો કે આપધાત માટે ગામનાજ કોઈ વ્યક્તિના ત્રાસથી ઈન્ચાર્જ સરપંચ બળવંતસિહ જાડેજાએ ઝેરી દવા પીધી હોવાનો આરોપ લાગ્યો હતો આગેવાનના મોત બાદ ગામના અગ્રણીઓ અને કચ્છભરના સરપંચ સંગઠન હોદ્દેદારો હોસ્પિટલ દોડી ગયા હતા અને ન્યાયીક તપાસની માંગ સાથે ફરીયાદ નોંધવાની માંગ કરી હતી.

અને ત્યા સુધી આગેવાનોએ મૃત્દેહ સ્વીકારવાનો ઈક્કાર કરતા પોલીસ દોડતી થઈ હતી. પરજાઉના ઈન્ચાર્જ સરપંચના મોત સાથે શનિવારે અબડાસા સરપંચ સગંઠન,તેના પરિવાર સહિત સરપંચ સગંઠનના આગેવાનો હોસ્પિટલ દોડી ગયા હતા પરિવાર સાથે વાત કર્યા બાદ આગેવાનોએ મૃત્દેહ સ્વીકારવાનો ઈક્કાર કરી ઝેરી દવા પીવા માટે મજબુર કરનાર વ્યક્તિ સામે ફરીયાદ નોંધવા સાથે ન્યાયીક તપાસની માંગણી કરી હતી બનાવની જાણ થતા જિલ્લા-તાલુકા સરપંચ સંગઠન અને ગ્રામજનો એકત્ર થયા હતા જેમાં કચ્છ જિલ્લા સરપંચ સંગઠનના પ્રમુખ કિર્તીસિંહ જાડેજા અબડાસા તાલુકા સરપંચ સંગઠન ના પ્રમુખ પરેશસિંહ જાડેજા જિલ્લાના મહામંત્રી રણછોડ આહીર, મહેન્દ્રસિંહ જાડેજા મહામંત્રી તથા ઉપપ્રમુખ એન.ટી. આહીર તથા જિલ્લા અને તાલુકા ના સરપંચચો હોસ્પિટલ દોડી આવ્યા હતા.

આ સાથે જખૌ પોલીસના અધિકારીઓ પણ ધટનાની તપાસ માટે દોડી આવ્યા હતા. અને આગેવાનો સાથે ચર્ચા બાદ સાંજે પાંચ વાગ્યે મૃત્દેહ સ્વીકાર્યો હતો. પોલીસે સમગ્ર મામલો યોગ્ય તપાસ કરી કાર્યવાહીની ખાતરી આપતા આગેવાનોએ મૃત્દેહ સ્વીકારતા મામલો શાંત થયો હતો જો કે સવારે આ મામલે ભારે નારાજગી જોવા મળી હતી.